4/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

ખબર પત્રિકા

પાના ૨૦

વર્ષ-૧૦ • અંક-૧૫૮ • સળંગ અંક - ૨૫૭૫ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



તુંબડીના **રસીલા દેઢીયા** (ઉ. ૭૬) (દહીંસર) તા. ૧૨-૧૧ના અવસાન પામ્યા છે. સુંદરબેન દેવરાજના પુત્રવધુ. રાયશીના પત્ની. સ્વ. અમિત, દિમ્પીના માતા. ધાર્મીના નાની. મો. આસંબીયા નીરેન ગાલાના સાસુ. કરમણના ભાઈ પત્ની. મણીબેનના દેરાણી. બિદડા લાડબાઈ નાનજી, મો. આસંબીયા લક્ષ્મીબેન પ્રેમજી કસ્તુર કલ્યાણજી, ગુંદાલા હીરાવંતી હરીલાલના ભાભી. મહેન્દ્ર, ચાંપશી, ભદ્રા (મીરા)ના કાકી. ગીતા, બીના, સૂર્યકાંતના કા. સાસુ. જેઠીબાઈ નેણશી, મણીબાઈ કરમશી, મણીબાઈ ગાંગજીના ભ. વહુ. દેવશી, અશોક, પરેશના કા. ભાભી. જગદીશ, હસમુખ, મુકેશ, નીતીન, રાજેશ, ભાવેશ, ગુણવંતી, દમયંતી, પ્રભા, લીલાવંતી, હંસા, કંચન, કોકીલા, ભાવના, ભારતી, નીતા, એડ. પ્રીતી, ભાવિકાના મામી. મેરાઉ ઉમરબાઈ દેવજી મણશી ભેદાના પુત્રી. સુરેશ, હરેશ, નિર્મળા મુલચંદ, બાડા મીના અશોકના બહેન. વનિતા, ભાવનાના નણંદ. કેતન, હિમાંશુ, પલકના ફુઈ. પ્રીતી, કલ્પેશ, હેતલના માસી. મેરાઉ ખેતબાઈ ગણપત, મેઘબાઈ ટોકરશીના ભત્રીજી. બાડા મુરીબાઈ દના રતનશીના દોહીત્રી. લાલજી, લીલાધર, કાંતિ, પુરબાઈ, વીરબાઈ, ધનબાઈ, વિજયાના ભાણેજી. મો.આસંબીયા દમયંતીબેન માવજી પુંજાના વેવાણ. **પ્રા. માટુંગા ક.શ્વે. મુ.પુ.સંઘની નારાણજી શામજી વાડી, ટા. ૪ થી ૫.૩૦.** ઠે. રાયશી દેઢીયા, ૪/૪૨, ધરમશી મેન્શન, લાલબાગ, મું. ૧૨. ૯૯૩૦૩૯૫૨૭૩, દિમ્પી-૯૮૬૭૫૦૧૫૯૫.

4/1/1 -------- (1-5)



ગોધરાના **કલ્યાણજી મેઘજી છેડા (સોમાણી)** (ઉ.વ. ૭૮) તા. ૬-૧૧-૨૬ ના ગોધરામાં અવસાન પામેલ છે. હંસબાઈ મેઘજી ખીયશીના પુત્ર. લીલાવંતીના પતિ. નિલેશ, રેખા(શિલ્પા), હિતેશના પિતા. શીતલ, કોટડી ના પરેશ લીલાધર ગોસરના સસરા. અદિતીના નાના. તલકશી મેઘજી,અમૃતબેન ગાંગજી મણશી, મેરાઉ ના ભાનુબેન રમણીકલાલ કુંવરજી ના ભાઈ. રતનબેનના દેર. વીરજી ખીંપશી ના ભત્રીજા. બાડા ના લીલબાઈ હીરજી ચાંપશી ના દોહિત્ર. સાભરાઈ ના દેમુબાઈ કલ્યાણજી વેલજી વિસરીયાના જમાઈ. કાંતિલાલ, વસંત, હાલાપર ના જયવંતી ગુલાબ હરિયા ના બનેવી. જયાબેન, ચેતનાબેન ના નણંદોઈ. સાભરાઈના ભાણબાઈ દેવરાજ હરિયાના દોહિત્રીવર. સાભરાઈના દામજી, કુંવરજી, લક્ષ્મીચંદ, શાંતિલાલ, માપરના સાકરબેન ખીમજીના ભત્રીજીવર. હિના, રાજેશ, જ્યોતિ, રોહીતના કાકા. પ્રેમજી, નયના, ઉષા, નયના, કીર્તિ, અલ્પાના મામા. મનીષ, સુનીલ,કેતન, રીંકેશના ફુઆ. હાર્દિક, પંક્તિ ના માસા. છસરાના મંજુલાબેન મણીલાલ, કોટડીના જવેરબેન લીલાધરના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. લીલાવંતી છેડા, ગોધરા, તા.માંડવી કચ્છ. રેખા-૯૩૨૧૩૪૮૮૨, હિતેશ-૯૫૧૨૩૭૩૪૭૪.

4/1/1 -------- (1-5)



ભુજપુર ભાટીયા શેરી-ના **લક્ષ્મીચંદ દેઢીયા** (ઉ. ૮૭) બુધવાર ૧૧-૧૧-૨૬નાં અરિહંત શરણ પામેલ છે. હાંસબાઈ દેવજી રતનશીના સુપુત્ર. ભોરારા ગોવા મુરગના પૌત્ર. કેશર (કલા)ના પતિ. સંજયના પિતાશ્રી. મીતાના સસરા. જિતના દાદુ. બેરાજા જેઠીબાઈ મેઘજી જાદવજી સૈયાના જમાઈ. કપાયા લક્ષ્મી મેઘજી, ભુજપુર શીવજી, માવજી, નાનજી, કાંતીલાલ, મોરારજી, લવજી, નાગજી, વલ્લભજીના નાના ભાઈ. કસ્તુર, લાછબાઈ, કસ્તુર, ધનવંતી, રતન/નિર્મળા, કેશર, હેમલતા, તરલાના દિયર. તલકશી, પ્રભાના મામા. પત્રી હીરબાઈ મોણશી માલશીના દોહીત્ર. દેશલપર રતન શામજી, ગેલડા પ્રેમીલા વસંત, બેરાજા શામજી, હરખચંદ, મણીલાલના બનેવી. હીરબાઈ શામજી, જયા મણીલાલના નણંદોઇ. રાજસ્થાન પ્રભા છોગમલના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન-દેહદાન કરેલ છે.** નિ. સંજય દેઢીયા, ડી/૫-૨, ભટ્ટવાડી, ઘાટકોપર (વે.), મું. ૮૪. કેસર-૮૪૫૪૯૯૧૧૨૦, સંજય-૯૮૯૨૦૭૨૨૪૪, જીત-૯૦૦૪૦૨૯૩૦.

4/1/1 -------- (1-5)



કુંદરોડીનાં **હેમલતા હરખચંદ ગાલા** (ઉ.વ. ૮૭) તા. ૧૨-૧૧-૨૬નાં અવસાન પામેલ છે. હરખચંદના પત્ની. ગંગાબાઈ લાલજીના પુત્રવધુ. બારોઈના પાનબાઈ માવજી આસુના સુપુત્રી. યોગેશ, ફાલ્ગુની, અમીષના માતાજી. હીના, જીજ્ઞા, નાના ભાડીયાના યતીનના સાસુજી. હીરજીના ભાઈપત્ની. શાંતિલાલ, મહેન્દ્ર, ભાનુ લક્ષ્મીચંદ, પત્રીના મંજુલા માવજીના ભાભી. લક્ષ્મીબેનના દેરાણી. સરલા, મીતાના જેઠાણી. વીરજી શીવજીના કાકાઈ ભાઈના ઘરેથી. જીનલ, હીરેન, ભવ્ય, યશ્વીના દાદી. હેનીલના નાની. ધ્વની, લાખાપુરના પંખીલના દાદી સાસુ. ખેવનાના નાની સાસુ. દેવમૂના મોટા દાદી. હૃદય, આદિરાજના મોટા નાની. કુંદરોડીના મઠાંબાઈ મોણશીના ભત્રીજા વધુ. બારોઈના મંજુલા કલ્યાણજી, હારપ્રભા અમૃતલાલ, બિદડાના વેલબાઈ પ્રેમજીના ભત્રીજી. લહેરચંદ મેઘજીના ફોઈ. ટોડાના ચારૂ કિશોરના કાકાણ બેન. વડાલાના ટબીબાઈ ગણપત, લુણીના રવજી લધાના દોહીત્ર વહુ. નાની તુંબડીના દેવશી આસુના દોહીત્રી. ભારાપુરના લક્ષ્મીબેન હેમચંદ, નાના ભાડીયાના રસીલાબેન બંસીલાલ, મોટી ખાખરના હેમલતા ચંપકના વેવાણ. લાખાપુરના ભારતી દિપક, પાટણના લૈલા મોનીશ, બિદડાના જસ્મીન કીશોરના મોટા વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. અમીષ ગાલા, ૪૦૨, પ્રેમ ગંગા, કસ્તુરબા માર્ગ, મુલુંડ (વેસ્ટ), મું. ૮૦. જીજ્ઞા-૯૭૭૩૮૦૬૦૬૩, યોગેશ-૯૭૫૭૦૫૪૨૫૪.

4/1/1 -------- (1-5)



ગઢશીશાના **વસનજી (મંગલભાઈ) ધારસી દેઢિયા** (ઉ.વ. ૯૨) તા. ૧૧-૧૧-૨૦૨૬ ના દેહપરિવર્તન આદરેલ છે. આસબાઈ ધારસી ભાણજીના સુપુત્ર. કસ્તુરબેનના પતિ. ભરત, રશ્મી, શિલ્પાના પિતાશ્રી. મીના, બેરાજાના વિનોદ કુંવરજી, શેરડીના શૈલેષ લાલજીના સસરા. વિશાલના દાદા. રૂપલના દાદાજી સસરા. સોહમ, હર્ષ, ધ્રુમિલ, યોગીનીના નાના. જીની, જીગ્નેશના નાનાજી સસરા. યાયિનના મોટા નાના. કેશવજીભાઈ, કોટડાના નાનબાઈ/સુંદરબેન નરશી કચરાના ભાઈ. લક્ષ્મીબેન/કસ્તુરબેનના દેર. તરૂણ, વિજય, મંજુલા, જાનકી, ઉર્મિલાના કાકા. નીતા, શીતલ, પત્રી દિપક શીવજી, કોડાય હિરેન્દ્ર ગાંગજી, ફરાદી મહેશ રામજીના કાકાઈ સસરા. ગઢશીશા વીરજી કરમશી, હાલાપર કંકુબેન તેજપારના કાકાઈ ભાઈ. નરેડીના પુરબાઈ વીરજી નાગજીના જમાઈ. નાનજી, શામજી, પાનબાઈ, વિમલબેનના બનેવી. ગઢશીશા પ્રેમજી લાલજી, શેરડી પોપટલાલ ખીમજીના સાઢુ. નવાવાસ દેવકાબેન જગશી કુંવરજી, બેરાજા કાંતાબેન કુંવરજી દેવજી, શેરડી ખેતબાઈ લાલજી ભાણજીના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ફોન/મેસેજ રૂબરૂતુલ્ય. નિ. ભરત દેઢિયા : બી-૩૧, રાજકમલ, રાજકમલ સ્ટુડીયો, ડો. એસ.એસ. રાવ રોડ, પરેલ, મું-૧૨. ભરત : મો. ૯૩૨૨૩૫૯૬૯, વિશાલ : ૮૭૭૯૯૦૧૨૫૮.

4/1/1 -------- (1-5)



કપાયાના **માતુશ્રી કેસરબેન કેશવજી સંગોઈ** (ઉ.વ. ૯૩) તા. ૧૧-૧૧-૨૬ ના છઠ્ઠા ઉપવાસે અનશનવ્રત આદરી અરિહંત શરણ પામેલ છે. લાધીબાઈ રામજી ના પુત્રવધુ. સ્વ. કેશવજીના પત્ની. સુરેન્દ્ર, શૈલેષ, નિતીન, કોકિલાના માતુશ્રી. તરલા, આરતી, મીના, વડાલાના લાલચંદ પોપટલાલના સાસુ. વિરલ, પાર્થ, કેવિન, હિરલ, ખ્યાતિ, હિનલ ના દાદી. પૂજા, જીનાલી, ગેલડા ઝુબિન કિરીટ, ભાવનગર હાર્દિક યોગેશના સાસુ. પ્રીતી, ભાવિની, જીનલના નાની. ગેલડા ભાવેશ, દેશલપુર અમીષ નવીનચંદ્ર, બિદડા હિરેન નરેન્દ્રના નાની સાસુ. વેલજી, કપાયા લક્ષ્મીબાઈ વીરજી, રતાડીયા ગણેશ ગંગાબાઈ કુંવરજી, પ્રાગપુર કુંવરબાઈ રવજી, ભુજપુર લક્ષ્મીબાઈ નરશી, રતાડીયા ગણેશના રતનબેન તલકશીના ભાભી. લીલબાઈ (ચંચળ) ના દેરાણી. પત્રી વેજબાઈ પાસુના સુપુત્રી. ઠાકરશી, રાઘવજી, પાનબાઈ, રૂક્ષ્મણી ના બેન. નાનબાઈ, મંજુલાબેનના નણંદ. છસરા દામજી દેવજી, વાંકી મુલજી મીઠુભાઈના સાળી. વડાલા લક્ષ્મીબેન પોપટલાલ, બારોઈ પાનબાઈ ભોગીલાલ. સાડાઉ લક્ષ્મીબેન હિરજી, હેમકુંવરબેન રમણીકલાલના વેવાણ. **ગુણાનુવાદ સભા રાખેલ નથી.** નિવાસ : મીના સંગોઈ, ૭, જૈન/મહાવીર સોસા., સ્ટેશન રોડ, ઠાણા (વે). મીના-૯૮૭૦૪૪૫૩૩૩, સુરેન્દ્ર-૯૮૧૯૮૭૪૩૭૨.

4/1/1 -------- (1-5)

સૂર્યોદય - ૦૬.૪૬.૨૫

સંવત - ૨૦૮૩

કારતક સુદ-૦૫, શનિવાર

તા. ૧૪-૧૧-૨૦૨૬

સૂર્યાસ્ત - ૦૬.૫૯.૪૦

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎

www.kvoss.org

તા. ૧૪ નવેમ્બર સેવા સમાજ 'શુભેચ્છક દાતા'

પૂ. પિતાશ્રી ભવાનજી જખુભાઈ જેતુ દેઢિયા (નાની ખાખર)નાં જન્મ સ્મૃતિ દિન નિમિત્તે હસ્તે પરિવારજનો તરફથી.

• સુપુત્ર સોલીસીટર હરખચંદ કુંવરજી ગડા (બાડા-વરલી)નાં જન્મદિવસ નિમિત્તે માતુશ્રી કસ્તુરબાઈ કુંવરજી જેઠાભાઈ પરિવાર તરફથી.

• સ્વ. શ્રી સતીશ ખીમજી હરીઆ (LIC AGENT) (ડુમરા) ની પુણ્યતિથિ નિમિત્તે માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી દેવજી હરીઆ (માટુંગા બી. બી.) સહપરિવાર તરફથી.

• ચિરંજીવ શ્વેત કાંચી પ્રેયશ અને સ્વ. શ્રી ધારશી કાનજી દેઢિયાનાં જન્મદિવસ નિમિત્તે શ્રીમતી જ્યોતિ ભરત રાંભિયા (રાયણ - અંધેરી) NADCO તરફથી

• હેત મનિષ દામજી ગાલા (વડાલા-સિક્કાનગર)નાં જન્મદિન નિમિત્તે અ.સૌ. સાકરબેન દામજી ગાલા પરિવાર નાં જીલ,જિજ્ઞા મનીષ, શ્રધ્ધા, શ્રેના, જૈની, બીના, કેતન, અમીષી, માનસી, રીટા તરૂણ વોરા (પત્રી) તરફથી.મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(18) -------- (A-15401)(2-1)

(JYF) જૈન યુથ ફોરમ
સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે મોબાઈલ પર ગેમ્સ રમવી નહીં. (અનર્થ દંડથી બચવા)

• મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

• વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.

• દરેક કચ્છી વેપારી માટે ડિજિટલ વ્યાપાર ઉત્સવ માં જોડાવા સંપર્ક કરો : 9372976665

• જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(23) -------- (A-15414)(1-9)

શ્રી મલાડ આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ

શ્રી સંઘના નેજા હેઠળ રવિવારે સમુહ સામાયિકનું આયોજન કરેલ છે.

• વકતા : સુશ્રાવિકા હેમાલીબેન ગડા (વડાલા)
• વિષય : મોક્ષ : શું, ક્યાં, કોને, કેવી રીતે, ક્યારે - અને વહેલા કેમ ?
• રવિ.૧૫મી નવેમ્બર, ૯.૩૦ થી ૧૧ ગાલા બ્લોસમ, મામલતદાર વાડી નં-૧, મલાડ (વેસ્ટ).
• સંપર્ક : હેમાલીબેન-૮૮૭૯૧૨૨૭૮૬.
• સૌ. મયુર લખમશી સોની (વડાલા)
• લિ. ચેતન ઠાકરશી ગાલા (વડાલા) (ટ્રસ્ટી)

4/1/1(4) -------- (A-15397)(1-5)

શ્રી પ્રાગપુર આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ અનુદાન બદલ આભાર

રૂા. ૫૧૦૦/- વડીલ શ્રી પ્રેમજી અમરશી ગાલાની પુણ્યસ્મૃતિ નિમિત્તે હા. પરીવાર તરફથી રૂા. ૧૧૦૦૦/- સ્વ. રીનાબેન રાજેન્દ્ર સંગોઈની ૨જી પુણ્યતિથિ નિમિત્તે રૂા. ૨૦૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ તરફથી રૂા. ૧૧૦૦૦/- માતુશ્રી લક્ષ્મીબેન વાલજી મોરારજી સંગોઈ તરફથી અનુદાન બદલ સર્વે દાતાઓનો ખુબ ખુબ આભાર. પૂ.મ. હેમપ્રભાબાઈ સ્વામી આદિ ઠાણા-૪ સુખ શાતામાં બીરાજે છે. અનુકુળતાએ સૌ શ્રાવક-શ્રાવિકા તથા નિયાણી બહેનોએ લાભ લેવા નમ્ર વિનંતી. (જા.સૌ. એક સદ્‌ગૃહસ્ત) લિ. સંઘપતિ લક્ષ્મીચંદ ગડાનાં જય જિનેન્દ્ર.

4/1/1(29) -------- **(A-15352)(1-5)**

નાગલપુર મુળ સ્થાને નમતા ગોગરી ભાવિકો

નાગલપુર મુળ સ્થાને બિરાજમાન પૂ. કુળદેવી શ્રી લાછલ માઁની ૩૩મી સમુહ પહેડી તા. ૧૭-૦૧-૨૦૨૭, રવિવારે શ્રી લાલબાગ દેરાસરજી વાડી, મુંબઈ-૧૨ ખાતે યોજેલ છે.

● આ પહેડી સૌ ભાવિકોના સાથ-સહકારથી એટલે કે આનાફોડના માધ્યમથી કરવામાં આવશે. તો આ શુભદિવસ પૂ. મા માટે રીઝર્વ રાખી સર્વ ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યુ આમંત્રણ. લી. જયંતીલાલ વિરજી, નેમચંદ હીરજી, મણીલાલ રામજી, અરૂણ લક્ષ્મીચંદ ગોગરીના જય માતાજી.

4/1/1(18) -------- **(A-15403)(1-5)**

શ્રી અંધેરી પુર્વ અચલગચ્છ જૈન સંઘમાં નવકાર જાપ અખંડ મણકો ૨૬૬ મો

નવકાર મહામંત્રનાં પરમ સાધક શ્રી જયંતભાઈ રાહીનાં શિષ્ય જીતુભાઈ દેઢીયા શિષ્યા ફોરમ દેઢીયા ગોગરીનાં સથવારે તા. ૧૫-૧૧-૨૬, રવિવારે સવારે ૮.૦૦ વાગ્યે નવકારનાં સંગીતમય ભાષ્ય જાપનો અખંડ મણકો ૨૬૬ મો યોજેલ છે. લાભાર્થી : કવિશ-નાયશા ખુશ્બુ અંકિત ગોસર-વિઢ. સ્થળ : શ્રી અંધેરી પૂર્વ અચલગચ્છ જૈન સંઘ ઉપાશ્રય, વિનોદ વિલા, જુના નાગરદાસ રોડ, અંધેરી (પૂર્વ) લિ. લતાબેન લાલન-૯૮૧૯૨૮૯૬૬૩, વિપુલ દેઢીયા-૯૮૨૦૯૨૭૪૪૫. અંધેરી પૂર્વ સેન્ટર.

4/1/1(17) -------- **(A-15404)(1-5)**

હરીયા ટ્રાવેલ્સ - બજેટ ફ્રેન્ડલી પેકેજ

કિન્નોર અને સ્પીતી વેલીનું અદ્‌ભુત કુદરતી સૌંદર્ય, લડાખ ની યાદગાર સફર, કાશ્મીર ની મનમોહક સુંદરતા માણો બજેટ ફ્રેન્ડલી કિંમતે - ફકત હરીયા ટ્રાવેલ્સ સાથે કિન્નૌર - સ્પીતી વેલી ૯ રા ૧૦ દિ - ફકત ૪૯,૫૦૦/- PP સિમલા, સાંગલા, ચિત્તકુલ, કલ્પા, કિન્નૌર કૈલાશ ના ભવ્ય દર્શન, નાકો, ચ્યુ મોનેસ્ટ્રી, ટાબો, કાઝા, હિક્કીમ, કિબ્બર વિલેજ, ચિચમ બ્રીજ, કી મોનેસ્ટ્રી, કોમિક વિલેજ, લાન્ગઝા - ફોસીલ વિલેજ વગેરે સ્થળો નો સમાવેશ લેહ લડાખ ૭ રા. ૮ દિ. ૪૫,૦૦૦/- PP સોનમર્ગ, કારગિલ, લેહ, નુબ્રા વેલી, પેન્ગોન્ગ લેક વગેરે. કાશ્મીર ૬ રા ૭ દિ ફકત - ૩૦,૦૦૦/- PP શ્રીનગર, પહેલગામ, ગુલમર્ગ, સોનમર્ગ વગેરે. દરેક ઠેકાણે હોટલ માં સ્ટે, લક્ઝુરિયસ ગાડી, બધાજ ભોજન, ભરપૂર સાઈટસીન. વધુ વિગત અને બુકિંગ માટે સંપર્ક - શીતલ હરીયા-ખાર વેસ્ટ, ગામ - શેરડી, મો. 8779112094.

4/1/1(26) -------- **(B-15419)(1-5)**

કચ્છ યુવક સંઘ : કચ્છ નાટ્ય પ્રવાસ વર્ષ ૨૫ મું

● વર્ષ ૨૦૦૧ માં ભૂકંપ માં નાસીપાસ થયેલ કચ્છના લોકો માટે મનોરંજન અર્થે કચ્છી નાટક ની ભજવણી કચ્છમાં શરૂ થઈ.

● ત્યારથી અટક્યા વગર સતત નવા નવા કચ્છી નાટકો દર વરસે કચ્છના ગામોમાં ભજવાતા રહ્યા. (કોરોનાને બાદ કરતા)

● પચીસ પચીસ વર્ષ થી હાર્યા થાક્યા વગર આ મુવમેન્ટ ચાલુ રહી આ પચીસ વર્ષમાં અઢીસો થી ત્રણસો પ્રયોગ કચ્છમાં ભજવાયા. લાખો લોકો નાટક જોવા આવ્યા.

● આ વર્ષનું સુપરહિટ નાટક ''ધી કરે ધમાલ માં કરે કમાલ '' આજે રાતે ભુજ માં ભજવાશે. નાટ્ય નિર્માણ દાતા : શ્રીમતી અમૃતબેન અજીતભાઈ મોતા, મોતા ચિપ્સ, ભુજપુર.

● અમે આભારી છીએ : તેત્રીસ તેત્રીસ વર્ષ થી નાટ્ય રૂપાંતર કરનાર ડો. વિશનજી નાગડા અને દિગ્દર્શક વસંત મારૂ નો. લી. ચિરાગ સંગોઈ (કન્વીનર).

4/1/1(4) -------- **(A-15421)(1-5)**

સાયનમાં ઓનરશીપ ફ્લેટ

સ્ટેશન, બસ ડેપો ની નજદીક શાંત હરિયાળા એરિયા માં નવા ટાવર બિલ્ડિંગ માં ૩ ફ્લોર, સિંગલ ફ્લેટ, ઈસ્ટ વેસ્ટ, સાઉથ ઓપન ૭૫૦ ફુટ કાર્પેટ + ૧૫૦ ફૂટ યુજેબલ+ personal servant toilet, વ્યાજબી ભાવ માં ફોન 9323474898.

4/1/1(1) -------- **(B-15364)(1-5)**

મુલુંડ (વે.) 1RK વેચાણમાં

સર્વોદય પાર્શ્વનાથ નગર ૧ રૂમ કિચન, સુવ્યવસ્થિત ઓનરશીપ ફ્લેટ વેચવાનો છે. લીફ્ટની સુવિધા. કિંમત રૂા. ૭૦ લાખ. સંપર્ક : મધુકર ઠક્કર-9820016348.

4/1/1(19) -------- **(N-15399)(1-5)**

કચ્છની પ્રખ્યાત ચાંદી અને સોનાનાં આભુષણો ખરીદવા પધારો

કચ્છની ચાંદીમાં (લગ્ન પ્રસંગ) માટે પટ્ટા અખંડ કેડા, ખરખરી મલશે) ૧૦૦ ટચની શુધ્ધતામાં થાળી વાટકા, ગ્લાસ, ઘી-લોટી, ગાય, ધજા, સીક્કા, લગડી, મુર્તીઓ, ૯૨.૫ સીલ્વરની બાલપણની તથા અન્ય આઈટમો ખરીદવા આજે જ પધારો. સિલ્વર ચેકબુક મળશે.

● સોનાનાં તથા હીરાનાં દાગીના પુર્ણ શુધ્ધતાની ખાતરી સાથે ઓર્ડર મુજબ બનાવી આપશું. એકવાર અવશ્ય મુલાકાત લો. સોની ચીમનલાલ જ્વેલર્સ (કાંડાગરા) જી-૨૧, કપીશ મોલ, એમ.જી.રોડ, રેલ્વે સ્ટે.ની સામે, મુલુંડ (વે.) મો. 9870244861-60. Insta ID - CVJ_MULUND

4/1/1(34) -------- **(N-15438)(1-5)**

કચ્છમાં જતાં/આવતાં : નાસ્તો+ જમવાનું

ટ્રેન દ્વારા કચ્છમાં જતા/આવતા સૂરત, વલસાડ, ભુજ રેલ્વે સ્ટેશને આપની બોગી પાસે નાસ્તો/જમવાનું મેળવવા ફોન કરો. (ઓર્ડર '૩' કલાક અગાઉ જરૂરી) ફુડ સ્પોટ, (ઘાટકોપર) મો. 9029041919, 9833503131. (ઠાકુરભાઈ)

4/1/1(32) -------- **(B-15425)(1-5)**

શૈક્ષણિક

સ્વજનની સ્મૃતિને યોગ્ય તર્પણ સોનગઢ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમનું ધ્યેય શૈક્ષણિક સધ્ધરતાની સાથે શ્રાવક બનાવવાનું છે. બાળક ઉદારતા, ભાતૃભાવ, પ્રમાણિકતા વગેરે જેવાં સંસ્કારમુલ્યો કેળવે તેવો આવિર્ભાવ રાખવામાં આવે છે. આધુનિક શિક્ષણ ઉપરાંત આર્ય સંસ્કૃતિની કદર એ આ સંસ્થાની આગવી ઓળખ છે. અહીં આવા ઉત્તમ રત્નો તૈયાર કરવાનો વિદ્યાયજ્ઞ હરહમેંશ પ્રજ્વલિત રહેશે. આ વિદ્યાયજ્ઞમાં ગામ - નાની ખાખર / મુલુંડ નાં માતુશ્રી સુશીલાબેન જાદવજી સાલીયા ની બીજી પુણ્યતીથી નિમિતે સોનગઢ રત્નાશ્રમ ની વિદ્યાદાતા યોજનામાં રૂ.૧૧૦૦૦/- નું અનુદાન આપેલ છે. રત્નાશ્રમ પરિવાર દાતા પરિવાર ની અનુમોદના કરે છે. પ્રેરક ભૂ.વિ.રોહિતભાઈ રાંભીયા-૯૯૨૦૮૬૫૪૦૪. લિ.હિરલ રમેશ શાહ - ભૂ.વિ.મંડળ સભ્ય - નાના ભાડીયા-૯૮૧૯૯૯૩૩૨૧.

4/1/1(27) -------- **(A-15417)(1-5)**

લખનૌ, આયોધ્યા, વારાણસી હેઝલ

ડીપા. ૨૭ ડિસે, ૨ જાન્યુ, ૬ દિ.. ની ટુર માં માણો લખનૌનાં ઐતિહાસિક સ્મારક, પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ, પુરાતન જૈન મંદિરોની મુલાકાત, કાશી વિશ્વનાથ, રામ મંદિર, ગંગા આરતીનો લ્હાવો, વિવિધ ઘાટની મુલાકાત, બનારસી ચાટનો ચટકારો, બનારસી સારી શોપિંગ, ૩ સ્ટાર હોટલ, આપણાં મહારાજ સાથે સ્વાદિષ્ટ બધા જ ભોજન, વ્યાજબી ભાવમાં લકસરિયસ પ્રવાસ. સં. હેઝલ ટુર 9869559938.

4/1/1(15) -------- **(B-15407)(1-5)**

હેઝલ ટુર : સ્પીતી-લેહ લદાખ, હીમાચલ, ઉત્તરાંચલ, કાશ્મીર

● વ્યક્તિ દીઠ ૩૦,૦૦૦ થી શરૂ, સ્વતંત્ર રસોડું, બધેજ પ્રાઈમ લોકેશન પર લક્સરીયસ હોટલો, ગ્રુપ ડીપાર્ચર, ભરપૂર સાઈટસીંગ

● સ્પીતિમાં જુઓ કીબ્બર - કોમિક સૌથી ઊંચાઈયે આવેલ વીલેજ, હાઈએસ્ટ પોસ્ટ ઓફિસ - હિક્કિમ, ઈન્ડો-ચાઈના બોર્ડર પરનું છેલ્લું ગામ - ચિત્કુલ, ચીચમ બ્રીજ - એશિયાનો સૌથી ઊંચો ઝૂલતો પુલ

● ખારડુંગલા પાસ, પેંગોંગ લેક, લામાયુરુ, ત્સોમોરીરી લેક, નુબ્રા વેલી, દ્રાસ, કારગિલ, લેહ, પ્રાઈવેટ કાર

● મનાલી, શિમલા, ડેલહાઉઝી, ધરમશાળા, અમ્રુતસર, અટલ ટનલ, ખજિયાર, ગોલ્ડન ટેમ્પલ

● જીમ કોર્બેટ, નૈનીતાલ, કૌસાની, ઋષિકેષ, વોટર રાફ્ટિંગ, મસુરી

● ગુલમર્ગ, પહેલગામ, સોનમર્ગ, શ્રીનગર, ઓફબીટ કાશ્મીર, ગુરેઝ વેલી. સં. ૯૮૬૯૫૫૯૯૩૮ ખાર-બીદડા.

4/1/1(13) -------- **(B-15409)(1-5)**

કોંકણ, તારકરલી, આંબોલી, હેઝલ

એક પરફેક્ટ બીચ હોલીડે. ગોલ્ડન રેતીવાળા દરીયા કીનારા, કોંકણનાં રમણીય ગામડાઓ, તેમની અદ્‌ભુત હસ્તકળા, સીંધુદુર્ગ ફોર્ટ, દેવબાગ બીચ, ભોગવે બીચ, વોટર સ્પોર્ટસ, આંબોલી હીલ્સ, લક્ઝુરીયસ સ્વીમીંગપુલ વાળી રીસોર્ટ. ખાન-પાનમાં જલસા. ૩ રાત્રી ૪ દિવસ. ફક્ત રૂા. ૧૩૮૦૦ વ્યક્તિ દીઠ. સં. હેઝલ ટુર-૯૮૬૯૫૫૯૯૩૮, ખાર-બિદડા.

4/1/1(14) -------- **(B-15408)(1-5)**

નોકરી ખાલી છે

માટુંગા સેન્ટ્રલમાં

(૧) એકાઉન્ટસ આસીસ્ટન્ટ (૨) ઓફિસ આસીસ્ટન્ટની નોકરી ખાલી છે. બાયોટેડા અને ફોટો સાથે સંપર્ક કરો. ધનજીભાઈ-8888084622.

4/1/1(7) -------- **(R-15394)(1-5)**

શેર બજારમાં JOB

અનુભવી Back Office Accountant જોઈએ છે. મુલુંડ સ્થિત શેરબ્રોકરની ઓફિસમાં. Whats app Biodata : Bhavesh Sangoi-9820273124.

4/1/1(20) -------- **(R-15398)(1-5)**

મુલુંડમાં આયુર્વેદિક દવાનાં ડીસ્ટ્રીબ્યુટર્સમાં કામ કરવા માટે તથા ડીલીવરી માટે તથા સેલ્સમેનનાં કામ માટે માણસો જોઈએ છે. વય મર્યાદા ૪૫ વર્ષ. ફોન કરીને રૂબરૂ મળો : હરીશ મોતા-૯૩૨૨૯૩૫૬૭૬, ૯૩૨૪૯૫૩૯૮૮.

4/1/1(25) -------- **(R-15420)(1-5)**

લેડીઝ કેશીયર / એકાઉન્ટન્ટ

મુલુંડમાં Kalpana Store રેડીમેડ ગારમેન્ટસ શોરૂમને ફુલ ટાઈમ (11 am to 9 pm) યંગ ગ્રેજ્યુએટ યુવતી કેશીયર/એકાઉન્ટસ માટે જોઈએ છે. કોન્ટેક્ટ : પરેશ ગોગરી-9930031138.

4/1/1(29) -------- **(R-15422)(1-5)**

સેલ્સમેન

સેન્ટ્રલ અને વેસ્ટર્ન લાઈન સ્થિત લેડીઝ એથનીક વેરનાં શો રૂમ માટે સેલ્સમેનો જોઈએ છે. સંપર્ક ભરતભાઈ-8454829808.

4/1/1(2) -------- **(R-15340)(1-5)**

લીકેજ હોય કે પેઈન્ટીંગ, દરેક કામનું એક જ સરનામું મહાવીર એન્ટરપ્રાઈઝીસ

વોટર પ્રુફીંગ અને પેઈન્ટીંગનાં તમામ કામ ટેરેસ વોટર પ્રુફીંગ, લીકેજ અને ભેજનું નિરાકરણ ઈન્ટીરીયર અને એક્સ્ટીરીયર પેઈન્ટીંગ પ્લાસ્ટર અને રીપેરીંગ ઘર અને બીલ્ડીંગ રીનોવેશન ગુણવત્તાયુક્ત કામ, વાજબી ભાવ. Khushbu Savla : Contact : 9136339963, 7738518046.

4/1/1(30) -------- **(B-15431)(1-5)**

લીકેજની વાર્તા અહીં જ પુરી કરો !

વારંવારનું લીકેજ, સીલન અને ભેજ હવે નહીં ! તમારી ઈમારતની પાણી સંબંધિત સમસ્યાઓ માટે મેળવો યોગ્ય વોટરપ્રૂફિંગ સોલ્યુશન્સ લીકેજની સમસ્યાને વધુ વધવા દેતા પહેલાં નિષ્ણાતોની સલાહ લો. MITAL ENTERPRISES - તમારી ઈમારતનું વોટરપ્રૂફિંગ એક્સપર્ટ ! ટેરેસ વોટરપ્રૂફિંગ, બાથરૂમ વોટરપ્રૂફિંગ, વોલ લીકેજ, કોમર્શિયલ વોટરપ્રૂફિંગ.

● સંપર્ક : +91 8591845308, +91 9892462088.

● એડ્રેસ : ગ્રાઉન્ડ ફ્લોર, આદી હાઉસ, ગોખલે રોડ, પોર્ટુગીઝ ચર્ચની સામે, દાદર પશ્ચિમ, મુંબઈ, મહારાષ્ટ્ર-૪૦૦૦૨૮. મિતલ એન્ટરપ્રાઈઝિસ વોટરપ્રૂફિંગ એક્સપર્ટ.

4/1/1(33) -------- **(B-15439)(1-5)**

''સોની કાનજી આણંદજી જ્વેલર્સ'' ! રેખ્યુટેડ જ્વેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં !

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(31) -------- **(N-15426)(4-8)**

ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.

જીવદયા અનુદાન

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર
એન્કરવાલા અહિંસાધામ 9726795555

- ૫૪,૦૦૦/- જયશ્રીબેન પ્રફુલભાઈ સાવલા-કાંદીવલી-નાની તુંબડી
- ૨૭૦૦૦/- હંસાબેન કીશોરભાઈ સંઘોઈ-મુલુંડ-નાની તુંબડી
- ૨૪,૯૦૦/- પ્રીતુલભાઈ ખુથીયા -નાની દમણ
- ૧૨,૦૦૦/- પ્રફુલભાઈ હીરજીભાઈ સાવલા-કાંદીવલી-નાની તુંબડી
- ૧૨,૦૦૦/- ઉષાબેન શાહ ફેમીલી ટ્રસ્ટ-કોલકત્તા
- ૧૨૦૦૦/- અપુર્વાબેન એન.ગાલા-મુલુંડ-વડાલા
- ૧૨૦૦૦/- ઉષાબેન શાહ ફેમીલી ટ્રસ્ટ-કોલકત્તા
- ૧૧૦૦૦/- વીશ્રામભાઈ બી. વાગમશી-નાની નાંગલપર (અંજાર)
- ૧૧૦૦૦/- સુરેશભાઈ શીવજીભાઈ છેડા-બેંગ્લોર-પત્રી
- ૯૦૦૦/- મીતાબેન એન. રાંભીયા-દહીંસર-રામાણીયા
- ૯૦૦૦/- સીધ્ધી ક્રીએશન - દહીંસર-રામાણીયા
- ૮૭૦૦/- જયેશભાઈ અનીલભાઈ માલવીયા-જુનાગઢ
- ૭૦૦૦/- પદમેરાભાઈ જે. શાહ-વડોદરા
- ૫૫૫૫/- અનીતાબેન હીંમતકુમારભાઈ મારૂ - ડોંબીવલી-શેરડી
- ૫૫૫૫/- હીંમતકુમારભાઈ નાનજીભાઈ વેરશીભાઈ મારૂ-ડોંબીવલી-શેરડી
- ૫૧૦૦/- પાર્થીકભાઈ પ્રકાશભાઈ ભેદા-બાંદ્રા-પ્રાગપર
- ૫૧૦૦/- અર્જુનસીંગભાઈ ચાવડા-મોટા કપાયા
- ૫૦૦૧/- હીતેશભાઈ રાજગોર-થાણા-મસ્કા
- ૫૦૦૦/- મેઘરાજજી જટુભા જાડેજા-ભુજ
- ૫૦૦૦/- હસમુખભાઈ આહીર-કોડાય
- ૫૦૦૦/- કચ્છ હાયવે ટ્રાન્સપોર્ટ-કંપની-ભુજ
- ૪૦૦૦/- હીંમતકુમારભાઈ નાનજીભાઈ વેરશીભાઈ-ડોંબીવલી-શેરડી
- ૩૨૦૦/- મહેશભાઈ ગોરજી-મોટા ભાડીયા
- ૩૦૦૦/- હીતેન્દ્રસીંગ જાડેજા-નલીયા
- ૩૦૦૦/- શીવરાજભાઈ મંગાભાઈ ગઢવી-મુંદ્રા
- ૩૦૦૦/- રામકરણભાઈ મણીરામભાઈ વર્મા- માંડવી
- ૩૦૦૦/- અનીલભાઈ સોઢમ-નાના કપાયા
- ૩૦૦૦/- વીજયભાઈ દેવરાજભાઈ ગઢવી-નખત્રાણા.
- લિ. પંકજ શાહ - પત્રી - 9870006276, નિલેશ છેડા-તલવાણા - 9323114846.

2/1/1(21) -------- **(A-15412)(1-5)**

અંગ્રેજી શીખવાનાં અને બોલવાનાં ફાયદાઓ

અંગ્રેજી માત્ર ભાષા નથી, તે વિચારશક્તિ અને માનસિક વિકાસને પણ નવી દિશા આપી શકે છે. આત્મવિશ્વાસ અને એકાગ્રતામાં વૃધ્ધિ. સ્વતંત્રતા, સમજણ, લીડરશીપનો વિકાસ જેવા અનેક વ્યક્તિગત, મનોવૈજ્ઞાનિક, વ્યવસાયિક ફાયદાઓ આ ભાષા શીખવાથી મળે છે. ખાતરી સાથે, સરળ પધ્ધતિ, વય, સમય મર્યાદા નથી. NEXT PEAK - 9619391890.

4/1/1(3) -------- **(B-15325)(1-5)**



શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા

'એક ગાય દત્તક'

- રૂા. ૧૧૦૦૦/- શ્રીમાન બીપીનભાઈ ધરમશેય (મસ્કતવાલા) તરફથી અવાર-નવાર અબોલ જીવોને યાદ કરી જીવદયા અનુદાન કરતા હોય છે તથા અબોલ જીવો પ્રત્યે અપાર લાગણી ધરાવતા શ્રી નિતિનભાઈ જોશીને પણ સંસ્થા ખુબ ખુબ અનુમોદના કરે છે. ગૌમાતા ના આશિર્વાદ સદૈવ એમના ઉપર વરસતા રહે અને જીવદયા અનુદાન કરતા રહે એજ મંગલ ભાવના સહ આભાર.
- CSR & 80G Tax Benefit Avaliable
- સંપર્ક : નિતિન પોલડીયા : 9819642696, નરેશ નંદુ : 9892040263

2/1/1(5) -------- **(A-15424)(1-5)**

ચલો કચ્છ – રણ ઉત્સવ રૂદ્રાક્ષ હોલીડે સાથે

રણ ઉત્સવમાં કચ્છની ધરતીના હૂંફાળા સ્પર્શ સાથે આરામદાયક તંબુઓમાં તમારા રોકાણનો આનંદ માણો. શહેરના ભાગદોડ ભરેલા વાતાવરણથી દૂર ખુલ્લા આકાશમાં તારાઓ જોવા અને પેરાગ્લાઈડિંગ તથા અન્ય પ્રવૃત્તિઓનો આનંદ માણો. અમારી સાથે રોડ ટુ હેવન, ફોસિલ પાર્ક અને અન્ય પુરાતત્વીય સ્થળોની યાદગાર સફર કરો. શ્રેષ્ઠ ઓફર મેળવવા માટે હમણાં જ તમારી સીટ બુક કરો. સંપર્ક : પૂજા સંગોઈ-૯૬૧૯૪૦૪૭૪૫, સોનાલી સંગોઈ -૭૫૦૬૮૫૪૫૫૮. સામાઘોઘા-મલાડ.

4/1/1(24) -------- **(B-15413)(1-5)**

કલા દર્શન ટ્રાવેલ સ્ટુડીયો લઈને આવી રહ્યા છે કલર્સ સમર કાર્નીવલ ૨૦૨૭

રજાઓ કંઈક કરી બતાવાની નવી પ્રતિભા બહાર લાવવાની રમવાની શિખવાની અને આગળ વધવાની આવી રહી છે તક સમર કેમ્પમાં જોડાવાની. યંગસ્ટર્સ, બાળકો, સીનીયર સીટીઝન, ફેમીલી માટેની ટુરો લઈને ટુંક સમયમાં આવી રહ્યા છે. શીમલા, મનાલી, કુલ્લુ, ચંડીગઢ, શ્રીનગર, પહેલગામ, ગુલમર્ગ, સોનમર્ગ, કોલકત્તા, દાર્જીલીંગ, સીક્કીમ, પંચમઢી (મધ્ય પ્રદેશ) લેહ-લદાખ. ખ્યોર વેજ અને જૈન ફુડ પોતાનાં મહારાજ સાથે. હીતેશભાઈ ગંગર-૯૮૬૯૭૦૭૨૧૫. વૈભવ મજીઠીયા, માનસી વોરા, નીકીતા.

4/1/1(1) -------- **(B-15346)(1-5)**

મેજીકલ મોરીંગા ગોળી ફક્ત ૨૦૦ રૂપીયામાં

એક સદ્‌ગૃહસ્થ તરફથી સહાય નવકાર મંત્રથી અભિમંત્રીત કરેલી ૯૦% સરગવાનાં એવન પાંદડાથી ને ૧૦% બાવળીયો ગુંદરથી બનેલી ૩૦૦ બીમારીઓને દુર કરવામાં મદદરૂપ લાભ લેવા મહેન્દ્ર છેડા-8169003504.

4/1/1(6) -------- **(B-15395)(1-5)**

તા. ૧૩/૧૧/૨૬ની પત્રિકામાં પેજ નં. ૪ માં છેલ્લી કોલમમાં નટરાજ ટ્રાવેલ સોલ્યુશન્સની સથવારે તારકલી (હેડીંગ) માં સુધારીને વાંચવી ભૂલ બદલ ક્ષમા.

2/1/1 -------- **(1-5)**

ચીરાગ આર્ટસ કચ્છી બહેનોનું અમેરીકન જ્વેલરી માટે જુનું અને જાણીતું ફેમસ નામ

મીના ગાલા (ગેલડા/નાની ખાખર) પાસે તમારા દરેક શુભ પ્રસંગોને અનુરૂપ લાઈટ વેઈટ, એલીગન્ટ, યુનીક ડીઝાઈનર અમેરીકન ડાયમંડ જ્વેલરી. જેની તમે રીયલમાં લેવાની ઈચ્છા ધરાવતા હો પણ સોનાનાં વધાતા ભાવો, રીયલની અઢળક મજુરીનાં લીધે લેતા અચકાતા હો તો ચીરાગ આર્ટસ કાંદીવલીની મુલાકાત લઈ તમારા વ્યક્તિત્વને સુનહરો લુક અને તમને દીપી ઉઠે તેવી જ્વેલરી પસંદ કરી, લઈ, પહેરી આનંદ માણો અને જોનારનાં Best જ્વેલરીનાં કોમ્પ્લીમેન્ટસ મેળવો.

- બીજે કશેથી ખરીદી કરતા પહેલા અમારા પોતાના બનાવેલા ગોલ્ડ-રોડ્યમનાં જાડા ચેનો અને ૩ લાઈનના ચેનો જોવા : ૬૦૧, એવન્યુ, ઈરાનીવાડી રોડ નં. ૪, કાંદીવલી (વે.) માં આવવાનું ચુકશો નહીં. ફોન કરીને આવવું. ચીરાગ-9619453802.

4/1/1(28) -------- **(B-15423)(1-5)**

જ્યોતિષી મંગલમ ચુનીલાલ સંગોઈ (કપાયાવાલા)

(B.sc., L.L.B., જ્યોતિષ રત્નમ, જ્યોતિષ વિશારદ) લગ્ન મુહર્તો, ધંધો શરૂ કરવા વગેરે વિવિધ શુભ મુહૂર્તો, શાસ્ત્રોક્ત વિધિ વિધાન, નવી જન્મકુંડળી, કન્સલ્ટીંગ, કુંડળી મેળાપક, હસ્તરેખા વગેરે તમામ કામ માટે મળો અથવા વોટ્સએપ કરો. કુરિયરથી પણ કામ કરી આપવામાં આવે છે. એડ્રેસ : ફ્લેટ નં. ૨૦૨, સી-૧૯, 'અભિલાષા', સેક્ટર-૮ (સેક્ટર-૯ની રીક્ષા સ્ટેન્ડવાળી ગલીમાં) શાંતિનગર, મીરારોડ (ઈસ્ટ) પીન - ૪૦૧૧૦૭. ડીસ્ટ્રીક્ટ : થાણે, મહારાષ્ટ્ર. મો. 9821106188, 7045239909. મુંબઈ, મુન્દ્રા (કચ્છ) તથા સુરેન્દ્રનગરમાં પ્રખ્યાત છે જેનું નામ, ચોક્કસ છે જેનું કામ, જ્યોતિષી મંગલમ છે એનું નામ.

4/1/1(22) -------- **(B-15416)(1-5)**

વિખ્યાત ડો. જય સાવલા દ્વારા ફ્રી આઇ ચેકઅપ કેમ્પ

- ૧૯ વર્ષથી ફ્રી કેમ્પ કરીને નામના મેળવનાર ડો. જય સાવલા દ્વારા જર્મનીના આધુનિક મશીનથી ફ્રી આંખોની તપાસ
- જરૂરીયાતમંદો માટે રૂા. ૩૯૦૦/-માં મોતીબિંદુ ઓપરેશન
- મેડીકલેઈમ ધારકો માટે Cashless સુવિધા ઉપલબ્ધ.
- Lasik મશીન દ્વારા ચશ્માના નંબર Permanent ઉતારવા રૂા. ૨૫૦૦૦/- માં ફક્ત (બન્ને આંખો માટે)
- ઝામર માટે કાયમી રાહત Alcon Express Implants.
- શિબિર : ૧૫/૧૧/૨૦૨૬, બપોરે : 10.00 To 2.00 pm
- સ્થળ : જય પોલીકલીનીક, શ્રીદત એપાર્ટમેન્ટ, અમરશી રોડ, મલાડ (વે.) મુંબઈ-૪૦૦૦૬૪.
- ડો. જય સાવલાને મળવાનો સમય : 11.00 am to 7.00 pm.
- સંપર્ક : 022-31504433 / 022-31507757, 9769901528 / 8433952696

2/1/1(2) -------- **(B-15242)(9-17)**

UNIVERSAL COURIER
"Since 1996"

અમે લાવીએ છીએ દુનિયાને તમારા ઘર આંગણે સરળતાથી, સુરક્ષીત અને નિશ્ચિંતપણે U.K., U.S.A., CANADA અને ૨૦૦+ થી વધારે દેશોમાં કોઈપણ જગ્યાએ પાર્સલ મોકલાવો. CALL: 9820338233 , 8108808833, 7738501508 Contact: Biren Sethia / Jigna Chheda Unbeatable Price. Unmatched Service.

4/1/1(3) -------- **(B-15406)(1-5)**

કચ્છી ભરત-દેશી-ધારવાડી-પારસી વર્ક
ભરતકામ + છપાઈ કલાત્મક ડીઝાઈનો

ચણીયાચોલી - સાડી કે અન્ય વસ્ત્રોમાં હાથભરત કામ ભરાવી શાન વધારો.

- કચ્છી કલા ડીઝાઈનર સ્ટુડીયો ઘાટકોપર (ઈ.)
- જગદીશ નાગડા-9137190630.
- દયા નાગડા-8355801176.

4/1/1(9) -------- **(B-15392)(1-5)**

૯૨ વિટામીન વાળી મેજીકલ મોરીંગા ગોળીઓ

નવકાર મંત્રથી અભિમંત્રીત કરેલી ગુરૂ ભગવંતોને કલ્પે છે. ૯૦% સરગવાનાં એવન પાંદડાથી ને ૧૦% બાવળીયો ગુંદરથી બનેલી રોગ પ્રતિકારક શક્તિ વધારતી ૩૦૦ બીમારીઓને દુર કરવામાં મદદરૂપ લેબ ટેસ્ટ અને એક સ્પોટ લાઈસન્સ સાથે. નેચરલ ખાવો નેચરલ જીવો. કો. કાશ્મીરા ખુશાલ છેડા લાયજા-9773984876.

4/1/1(11) -------- **(B-15386)(1-5)**

આદરણીય ડેવલપર્સ મિત્રો

તમારા પ્રોજેક્ટ માટે ફંડીંગની જરૂર છે ? Construction Finance (CF), Project Funding (PF) તમારા પ્રોજેક્ટની ફંડીંગ જરૂરીયાત માટે આજે જ ફોન કરો ! અંબાવી હાથીયાણી-7700007204. શીતલ ગ્રુપ બોરીવલી (વેસ્ટ) Your Vision. Our Loan Expertise. Your Growth !

4/1/1(12) -------- **(N-15385)(1-5)**

મધુવીન + ગંધર્વ હરીતકીવટી
આયુહીના + ગ્રીન ક્યોર ઓઈલ + D-10 Oil

મધુવીન ડાયાબીટીસ માટે અસરદાર ઔષધ છે. આમાં રહેલા આમળા, અર્જુલ છાલ, હરડે, ગુડમાર પત્ર, ગળો, કડુ કરીયાતુ, જાંબુ અને મેથી વગેરે ઔષધીમાંથી બનેલી છે. આનો નિયમિત વપરાશ ડાયાબીટીસને કંટ્રોલમાં રાખે છે.

- GH VATI માં રહેલ એરંડેલ તેલથી આંતરડામાં રૂક્ષતા આવતી નથી અને મળ તથા વાયુ સરળતાથી બહાર નીકળી જાય છે.
- આયુહીના મહેંદી ૪ કલરમાં ઉપલબ્ધ છે આયુહીના વાળને કાળા, લાંબા, મુલાયમ અને ચમકીલા બનાવે છે NO SIDE EFFECT
- ગ્રીન ક્યોર ઓઈલ પીઠનો દુખાવો સાંધાનો દુખાવો મુક્કો માર, શરદી અને માથાના દુખાવામાં ઉપયોગી છે.
- D-10 ઓઈલના રેગ્યુલર વપરાશથી ડેન્ડ્રફ નીકળી જાય છે LICE (જુ) થી છુટકારો મળે છે. સં. સંદીપ રાંભીયા - કાલબાદેવી : 9869685226

2/1/1(10) -------- **(B-15391)(1-5)**



સાંતાક્રુઝ ઈસ્ટ

2 BHK - 2.40 કરોડ, 3 BHK - 3.30 કરોડ નેગોસિએબલ નવા બિલ્ડીંગમાં. પાર્કિંગ, જીમ, કલીકુંડ દેરાસર, મેટ્રો, હાઈવે નજીક. અર્જન્ટ વેંચવાના આઈલેન્ડ પ્રોપર્ટીસ - 9870026887.

2/1/1(35) -------- **(B-15436)(1-5)**

સાંતાક્રુઝ ઈસ્ટ

૧/૨/૩ બી.એચ.કે.નાં સિગ્મા ઓનીક્સ / સિગ્મા એમરાલ્ડમાં અમેનિટીસ સાથેના કલિકુંડ દેરાસર, હાઈવે, મેટ્રો, સ્ટેશન નજીક અને બીજા બિલ્ડીંગોમાં ફ્લેટો લેવા વેંચવા. આઈલેન્ડ પ્રોપર્ટીસ - 9870026887.

2/1/1(36) -------- **(B-15435)(1-5)**

'વોશીંગ મશીન બગડ્યું ? બોલાવો જયંતી સાવલા તુંબડીવાલાને મો. ૯૮૨૧૨૭૧૫૬૭

દરેક કંપનીના (ટોપ લોડીંગ) સેમી અને ફુલ્લી ઓટોમેટીક વોશીંગ મશીન રીપેર કરી આપશું. નોંધી લેશો નામ-મો.નં. સંપર્ક : મનીષ જયંતી સાવલા (તુંબડીવાલા) મો. ૯૮૨૧૨૭૧૫૬૭, ૯૮૧૯૬૪૮૪૭૭. વિઝીટ ચાર્જ ૩૦૦/-.

4/1/1(5) -------- **(B-15396)(1-5)**

સુરભી મેરેજ બ્યુરો જીવનસાથી

વેલસેટ પાત્ર અને પરીવારની મન પસંદગી

- પરફેક્ટ મેચ મેકીંગ આપનું બ્યુરો
- સગપણ સરળતાનો સરવાળો એટલે
- સુરભી મેરેજ બ્યુરો : દયા નાગડા
- નામ રજીસ્ટ્રેશન માટે : 8355801176.

4/1/1(8) -------- **(B-15393)(1-5)**

ગાદીવાળા ચપ્પલો-ગાદીવાળા સ્લીપરો

પગનાં દુઃખાવા માટે સોફ્ટ, ગાદીવાળા ચપ્પલો, સ્લીપરો તેમજ ફ્લેટફુટ અને કપાસીયા માટે રૂપે. લેડીઝ, જેન્ટસ ચપ્પલોની વેરાયટી રેડીમાં મળશે. (ઓર્ડરથી પણ બનાવીને આપશું) જસ્મીન ચપ્પલાવાળા, પઈનગર, બોરીવલી (વેસ્ટ) મો. 9619833392.

4/1/1(16) -------- **(N-15405)(1-5)**

SHRI CUTCHI VISA OSWAL DERAWASI JAIN MAHAJAN MUMBAI
Sanchalit
SHRI C. V. O. D. MEDICAL CENTER
Derasar Lane, Ghatkopar-East
પારસ PARAS
પેથોલોજી PATHOLOGY
Personalised Diagnostics... Since 1987!
પેથોલોજી ટેસ્ટીંગ તથા
માઈક્રોબાયોલોજી ટેસ્ટ
Monday to Saturday
Timing : 8 am to 5.00 pm
For Appointment Call
8454888711

ગામ : કપાયા

છઠ્ઠા ઉપવાસે અનશનવ્રતધારીનું અનંતવાટે પ્રયાણ...

હાલે : થાણા



માતુશ્રી કેસરબેન કેશવજી રામજી સંગોઈ



જીવનયાત્રા : તા. ૨૬-૧-૧૯૩૩ થી તા. ૧૧-૧૧-૨૦૨૬ (ઉ. ૯૩)

શાંત અને પ્રશાંતમૂર્તિ દરેક પરિસ્થિતીમાં સમતાધારી, ધર્મપ્રેમી,
જીવનના અંતિમ ક્ષણે આત્મોદ્ધાર માટે અનશનવ્રત આદરી છઠ્ઠા ઉપવાસે સંથારો સીઝનાર
અમારા માર્ગદર્શક, પથદર્શક, હિતચિંતક માતુશ્રીને નત્ મસ્તકે શ્રદ્ધાંજલી અર્પણ...

સાસુ-સસરા : માતુશ્રી લાધીબાઈ રામજી ઉકેડા સંગોઈ . . . કપાયા
માતા-પિતા : માતુશ્રી વેજબાઈ પાસુ ઘેલા ગોગરી . . . . . પત્રી
પતિ : પુણ્યશ્લોકી કેશવજી રામજી સંગોઈ. . . . . કપાયા

પુત્ર-પુત્રવધુ
તરલા સુરેન્દ્ર કેશવજી સંગોઈ. . . . . કપાયા
આરતી શૈલેષ કેશવજી સંગોઈ . . . . . કપાયા
મીના નિતીન કેશવજી સંગોઈ . . . . . કપાયા

પુત્રી-જમાઈ
કોકિલા લાલચંદ પોપટલાલ ગોગરી . . . . . વડાલા

પૌત્ર-પૌત્રવધુ
પૂજા વિરલ સુરેન્દ્ર સંગોઈ. . . . . કપાયા
જીનાલી પાર્થ નિતીન સંગોઈ. . . . . કપાયા

પૌત્ર
કેવિન શૈલેષ કેશવજી સંગોઈ. . . . . કપાયા

પૌત્રી-જમાઈ
હિરલ ઝુબિન કિરીટ સૈયા. . . . . ગેલડા
ખ્યાતિ હાર્દિક યોગેશ પારેખ. . . . . ભાવનગર

પૌત્રી
હિનલ શૈલેષ કેશવજી સંગોઈ. . . . . કપાયા

પરપૌત્ર
પ્રિથ્વી વિરલ સુરેન્દ્ર સંગોઈ. . . . . કપાયા
વિવાન હાર્દિક યોગેશ પારેખ . . . . . ભાવનગર
હ્રિઆન હાર્દિક યોગેશ પારેખ . . . . . ભાવનગર

પરપૌત્રી
કિશી હિનલ સંગોઈ. . . . . કપાયા

દોહિત્રી-દોહિત્રીવર
પ્રીતી ભાવેશ શાંતિલાલ કુરિયા . . . . . ગેલડા
ભાવિની અમીષ નવિનચંદ્ર દેઢિયા . . . . . દેશલપુર
જીનલ હિરેન નરેન્દ્ર કુરિયા. . . . . બિદડા

પરદોહિત્ર
અદિત ભાવેશ શાંતિલાલ કુરિયા . . . . . ગેલડા
ઉમંગ અમીષ નવિનચંદ્ર દેઢિયા. . . . . દેશલપુર
સમ્યક હિરેન નરેન્દ્ર કુરિયા. . . . . બિદડા

જેઠ-જેઠાણી
લીલબાઈ (ચંચળ) વેલજી રામજી સંગોઈ . . . કપાયા

નણંદ-નણંદોઈ
લક્ષ્મીબાઈ વીરજી માણેક કેનીયા. . . . . કપાયા
ગંગાબાઈ કુંવરજી જેઠાભાઈ છેડા. . . રતાડીયા ગણેશ
કુંવરબાઈ રવજી દેવરાજ બૌવા . . . . . પ્રાગપુર
લક્ષ્મીબાઈ નરશી કારૂ દેઢિયા . . . . . ભુજપુર
રતનબેન તલકશી કાનજી છેડા. . . રતાડીયા ગણેશ

ભત્રીજા-ભત્રીજાવહુ
ઉર્મિલા ઉત્તમ વેલજી સંગોઈ . . . . . કપાયા
પારુલ જયંતી વેલજી સંગોઈ . . . . . કપાયા

ભત્રીજી-ભત્રીજીવર
તારાબેન આણંદ પગારે . . . . . નાશિક
મંજુલા પ્રવિણ મેઘજી છેડા . . . . . રતાડીયા ગણેશ

ભાણેજ-ભાણેજવહુ
જશુબાળા પ્રેમજી વીરજી કેનીયા . . . . . કપાયા
ચંચલબેન જયંતીલાલ વીરજી કેનીયા . . . . . કપાયા
હંસા મણીલાલ વીરજી કેનીયા . . . . . કપાયા
જયવંતી વિશનજી વીરજી કેનીયા . . . . . કપાયા
સુશીલા અમૃતલાલ વીરજી કેનીયા . . . . . કપાયા
ઝવેરબેન વિનોદભાઈ કુંવરજી છેડા. . રતાડીયા ગણેશ
રૂક્ષ્મણી શાંતિલાલ કુંવરજી છેડા . . . રતાડીયા ગણેશ
સરોજ સુરેન્દ્ર કુંવરજી છેડા. . . . . રતાડીયા ગણેશ
બિના હરખચંદ કુંવરજી છેડા . . . . . રતાડીયા ગણેશ
નિર્મલા નેમચંદ કુંવરજી છેડા . . . . . રતાડીયા ગણેશ
ભાવના મહેન્દ્ર કુંવરજી છેડા . . . . . રતાડીયા ગણેશ
રીટા દિનેશ કુંવરજી છેડા. . . . . રતાડીયા ગણેશ
જિગ્ના નરેશ કુંવરજી છેડા. . . . . રતાડીયા ગણેશ
સાકરબેન શીવજી રવજી બૌવા . . . . . પ્રાગપુર
મણીબેન વેલજી રવજી બૌવા . . . . . પ્રાગપુર
બકુલા માવજી રવજી બૌવા . . . . . પ્રાગપુર
જયાબેન રમણિકલાલ રવજી બૌવા . . . . . પ્રાગપુર
સુશીલા મનસુખ નરશી દેઢિયા. . . . . ભુજપુર
મધુ ચંદ્રકાંત નરશી દેઢિયા . . . . . ભુજપુર
શીલા કિશોર નરશી દેઢિયા. . . . . ભુજપુર
ભારતી રમેશ તલકશી છેડા. . . . . રતાડીયા ગણેશ

ભાણેજ
શાંતીલાલ વીરજી માણેક કેનીયા . . . . . કપાયા
રાજેશ તલકશી છેડા . . . . . રતાડીયા ગણેશ

ભાણેજી-ભાણેજીવર
હિરબાઈ લાલજી ભીમશી સંગોઈ. . . . . સાડાઉ
શાંતાબેન શામજી હેમરાજ છેડા. . . . . વાંકી
વેલબાઈ રમણીક કાનજી મામણીયા . . . . . કપાયા
વિમળાબેન વનેચંદ વેલજી ગાલા. . . . . લાખાપુર
ચેતના કિરણ પ્રેમજી કેનીયા . . . . . બારોઈ
સુશીલાબેન નગીન ટોકરશી છેડા . . રતાડીયા ગણેશ
ગુણવંતી ધીરજલાલ શામજી સંગોઈ . . . . . પ્રાગપુર
નિર્મલા મનસુખલાલ રતનશી ધરોડ . . . . . પત્રી
ભાવના રમેશ મોનજી રાંભિયા . . . . . નાના ભાડીયા

કાકાઈ સાસુ-સસરા
નાગઈબાઈ શામજી ઉકેડા સંગોઈ. . . . . કપાયા

કાકાઈ જેઠ-જેઠાણી
રૂક્ષ્મણીબેન લખમશી શામજી સંગોઈ . . . . . કપાયા
મણીબેન ભવાનજી શામજી સંગોઈ. . . . . કપાયા

મામાઈ સાસુ-સસરા
કસ્તુરબેન કાનજી રતનશી કેનીયા . . . . . બારોઈ
નાનબાઈ પુનશી રતનશી કેનીયા. . . . . બારોઈ
મઠાંબાઈ ઉમરશી રતનશી કેનીયા . . . . . બારોઈ

પિયર પક્ષ
ભાઈ-ભાભી
નાનબાઈ ઠાકરશી પાસુ ગોગરી. . . . . પત્રી
મંજુલાબેન રાઘવજી પાસુ ગોગરી. . . . . પત્રી

બેન-બનેવી
પાનબાઈ દામજી દેવજી ગાલા. . . . . છસરા
રૂક્ષ્મણીબેન મુલજી મીઠુભાઈ ગાલા. . . . . વાંકી

ભત્રીજા-ભત્રીજાવહુ
મીના પ્રફુલ ઠાકરશી ગોગરી. . . . . પત્રી

ભત્રીજી-ભત્રીજીવર
હેમલતા પ્રેમજી વેલજી છેડા . . . . . લુણી
ભારતી વિનોદ શામજી છેડા . . . . . દેશલપુર
જ્યોતી અશ્વિન સુરજી સંગોઈ . . . . . સાડાઉ
રક્ષા અજય ઈંદુલાલ મહેતા . . . . . મોરબી

ભાણેજ-ભાણેજવહુ
હેમલતા શાંતિલાલ દામજી ગાલા . . . . . છસરા
હિના વસંત દામજી ગાલા . . . . . છસરા
રેખા જયંત મુલજી ગાલા . . . . . વાંકી

ભાણેજી-ભાણેજીવર
પ્રવિણા પ્રફુલ વેલજી સંગોઈ . . . . . કપાયા
રીટા રાજેશ પ્રેમજી મારૂ . . . . . ડેપા

કાકી-કાકા
પુરબાઈ ધારશી ગેલા ગોગરી . . . . . પત્રી

માસી-માસા
લક્ષ્મીબેન કુંવરજી લાલજી ધરોડ . . . . . પત્રી
મઠાબાઈ પાસુ હધુ ગાલા. . . . . લાખાપુર
પુરબાઈ ધરમશી છેડા. . . . . વાંકી

વેવાણ-વેવાઈ (૧લી પેઢી)
લક્ષ્મીબેન પોપટલાલ કુંવરજી ગોગરી . . . . . વડાલા
પાનબાઈ ભોગીલાલ કુંવરજી કેનીયા. . . . . બારોઈ
લક્ષ્મીબેન હીરજી ઉમરશી દેઢિયા. . . . . સાડાઉ
હેમકુંવરબેન રમણીકલાલ રામજી માલદે . . . . સાડાઉ

વેવાણ-વેવાઈ (૨જી પેઢી)
સ્વાતીબેન (રેખા) શાંતીલાલ પ્રેમજી કેનીયા. . બારોઈ
નીતાબેન કિરીટ પ્રેમજી સૈયા . . . . . ગેલડા
ભાવનાબેન યોગેશ હિમ્મતલાલ પારેખ . . . ભાવનગર
પ્રજ્ઞાબેન જયેશ વીરજી ગાલા. . . . . રામાણીયા

પરમસ્નેહી
શ્રી કપાયા આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ
શ્રી કપાયા આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ
શ્રી થાણા વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ. . .
મહાવીર સોસાયટીના રહેવાસીઓ. . . . . થાણા
તુલસી એપાર્ટમેન્ટના રહેવાસીઓ. . . . . થાણા
કમલેશ લાલચંદ શ્રીશ્રીમાલ પરીવાર. . . . . થાણા

ઋણ સ્વીકાર
હિતેશભાઈ નાનજી વિસરીયા . . . . . મોખા
ડૉ. હિતેશભાઈ છાડવા . . . . . થાણા
શ્રી ટેંબીનાકા અચલગચ્છ જૈન સંઘ ખારીમાની સેવા . . . . . થાણા

સદ્‌ગતની ઈચ્છાનુસાર ગુણાનુવાદ સભા રાખેલ નથી.

(સદ્‌ગતશ્રીના આત્મશ્રેયાર્થે ૧૨ નવકારનું સ્મરણ એવમ્ યથાશાંતિ ધર્મકાર્ય કરવું.)

લૌકિક વ્યવહાર બંધ છે. ■ ફોન /વોટ્સએપ / મેસેજ રૂબરૂતુલ્ય ગણશોજી.

(CLA-15447)

ઉપરોક્ત નામમાં કોઈનું નામ શરત–ચૂકથી રહી ગયેલ હોય અથવા લખવામાં ભૂલ થયેલ હોય તો ક્ષમાયાચના...

નિવાસ : મીના સંગોઈ, ૭, જૈન/મહાવીર સોસાયટી, એ વન ફર્નીચરની બાજુમાં, શિવાંજલિ સાડીની ઉપર, સ્ટેશન રોડ, ઠાણા (વે).

મીના – 98704 45333 | **સુરેન્દ્રભાઈ – 98198 74372** | **શૈલેષભાઈ – 93222 66614** | **લાલચંદ – 83695 15312**

BINITA S. MARU - 9869024162

ॐ ऐम् श्री नमो पवयणस्स नमो नाणस्स

શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ

(ટ્રસ્ટ રજી. નં. ૬૯૪૯ (BOM), PAN : AAATS3127L)



:: પ્રેરક ::
અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી
કલાપ્રભસાગરસૂરીશ્વરજી
મહારાજ સાહેબ

શ્રી ગૌતમ નીતિ ગુણસાગરસૂરિ જૈન મેઘ સંસ્કૃતિ શ્રુતભવન
૧૦૩, મેઘરત્ન એપાર્ટમેન્ટ, ૧લો માળ, દેરાસર લેન, તીલક લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ – ૭૭. ફોનઃ 022-2501 1788

ચાલો ૧૨ મહિનામાં પ્રથમ ગુજરાતી કારતક મહિનાનો પ્રથમ પર્વ જ્ઞાન પાંચમ

આ પર્વની સાચી રીતે, સારી રીતે કાયમ યાદગાર રૂપે... ઉજવીએ..મનાવીએ..આરાધીએ..

શ્રી આર્ય જય કલ્યાણ
કેન્દ્ર ટ્રસ્ટ-ઘાટકોપર, મુંબઈ દ્વારા
સાહિત્ય સમ્રાટ્, ગુરૂગુણસિંધુ પટ્ટધર,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી.
કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી
ટકાઉ હાથ બનાવટ સાંગાનેરી કાગળ
બધાજ સંઘોને ઉપલબ્ધ કરાવા છે.
દરેક સંઘો, મહાજનો આ કાગળ મંગાવશો.
શ્રૂત ભતિ અનુષ્ઠાનમાં સહયોગ પ્રદાન કરશો.
ઘાટકોપરથી ૨૦ રૂ. એક કાગળ કવર સાથે *
૧૦૦ કાગળ = ૨૦૦૦ રૂ. જમા કરાવી
રસીદ મેળવી લેશો.

દર વર્ષે
જ્ઞાનના ઉજમણામાં
ફુલસ્કેપ પાના-નોટબુકો-બોલપેન-પેન્સિલો
આદિ ન મુકતાં જેમાં શાસ્ત્રો લખાય છે તેવા
૫૦૦ થી ૮૦૦ વર્ષ સુધી કે શકે તેવા
સાંગાનેરી હાથ બનાવટના કાગળ
જ્ઞાન પાસે ઢોકીએ - મુકીએ.
જ્ઞાનાવરણીય કર્મ બંધથી
બચીએ-બચાવીએ.
શુદ્ધ જ્ઞાન ભક્તિ કરી
કર્મ નિર્જરા સાધીએ.

ખાસ સૂચના
સાંગાનેરી કાગળને કવરમાંથી કાઢવા નહિ.
કવર સાથે જ્ઞાન પૂજનમાં મૂકશો.
શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યા વધુ હોય તો એજ પત્ર
લઈ ફરી (રોટેશન) ૨૦ રૂ. સંઘમાં
જમા કરાવીને જ્ઞાનપૂજનમાં રાખી શકશો.
જ્ઞાન ઉજમણા સમક્ષ અલગ અલગ ૩ પરાત ગોઠવવી.
૧) સાંગાનેરી હસ્તલિખિત પત્ર કવર સાથે રાખવા.
૨) રૂપા - નાણું મુકવા.
૩) જ્ઞાન પૂજા માટે પોથી - વાસક્ષેપ પૂજા કરવા માટે.
ઉપર મુજબ ત્રણના ઉજમણામાં ચડાવવામાં આવતું
હસ્તલિખિત પત્ર સંબંધિત આવક શ્રી આર્ય જય
કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ ઘાટકોપરમાં હસ્તલિખિત-
શ્રુતલેખન પેટે જમા કરાવશો.

પ્રાચીન શ્રુત લેખનમ્

મન્નહ જિણાણં સૂત્રમાં શ્રાવકના કર્તવ્યો જણાવ્યા એક કર્તવ્ય છે
"પુત્થય લિહણં" એટલે પુસ્તકો લખાવવા પ્રાચીન સાહિત્યનું શ્રુત લેખન કરાવવું.
ટકાઉ - હાથ બનાવટ સાંગાનેરી કાગળ શાહી પોથી શ્રુતલેખનનો
એક શ્લોક ૩૨ અક્ષર પ્રમાણેનો લાભ માત્ર રૂ. ૧૦/-
જે શ્રુત લખાવે છે તે મોક્ષનો દસ્તાવેજ કરાવે છે. આ સમ્યગ્ જ્ઞાન પાંચમના શ્રુત ભક્તિ-
શ્રુતલેખનમ્ દ્વારા દીર્ઘજીવી જ્ઞાન ભક્તિ કરી ધન્ય બનીએ.

શ્રુતલેખનની રકમ નિમ્ન બેંક ખાતામાં ભરાવી કાર્યાલય / કાર્યકર્તાઓને ફોન કરી નામ લખાવી દેવા ખાસ નમ્ર વિનંતી છે. તેમજ રસીદ વૉટસએપ પર મંગાવી લેવી. કાર્યાલય પરથી પાકી રસીદ દરેક સંઘ ને મળશે.

શ્રી સંઘ તથા મહાજન જ્ઞાન ખાતાથી અથવા વ્યક્તિગત સ્વદ્રવ્યથી

૦૫૦ શ્લોક = ૦૫૦૦	૧૦૦ શ્લોક = ૧૦૦૦	૨૦૦ શ્લોક = ૨૦૦૦
૩૦૦ શ્લોક = ૩૦૦૦	૪૦૦ શ્લોક = ૪૦૦૦	૫૦૦ શ્લોક = ૫૦૦૦
૬૦૦ શ્લોક = ૬૦૦૦	૭૦૦ શ્લોક = ૭૦૦૦	૮૦૦ શ્લોક = ૮૦૦૦
૯૦૦ શ્લોક = ૯૦૦૦	૧૦૦૦ શ્લોક = ૧૦૦૦૦	૧૦૦૦ શ્લોક = ૧,૦૦,૦૦૦

૧૦ હજારથી અધિક રકમ જમા કરાવનાર શ્રી સંઘનું નામ કોઈપણ એક હસ્તલિખિત ગ્રંથમાં ઉમેરવામાં આવશે. વ્યક્તિગત સ્વદ્રવ્યે ગ્રંથ લખાવવાની ભાવનાવાળાએ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.નો અથવા કાર્યકર્તાનો સંપર્ક કરશો.

સેંકડો વર્ષ ટકાઉ હાથ બનાવટના કાગળ ઉપર કેમિકલ વગરની તલના તેલની કાજલમાં હિરાબોળ અને ગુંદર આદિ શુદ્ધ ઔષધિઓથી મિશ્રણ કરીને ૧૨૫ કલાક સુધી વિશિષ્ટ પરિશ્રમથી નિર્માણ થયેલી શ્યાહીથી જૈન આગમો, પ્રાચીન સાહિત્ય, પૂર્વાચાર્યોની વિરલ દુર્લભ પ્રાકૃત, માગધી – સંસ્કૃત – પ્રાચીન ગુજરાતી વગેરે સાહિત્યનું પૂનઃ લેખન કરાવી પુણ્યાનુબંધી પુણ્યના ભાગી બનીએ.

(CLB-15390)

:: BANK DETAILS ::
Name : Shri Arya Jay Kalyan Kendra
Bank : Union Bank of India
Branch : Ghatkopar (E)
A/c. No. : 316902010018680
IFSC Code : UBIN0531693

-: સાંગાનેરી કાગળ મેળવવાનું સ્થળ / કાર્યાલય :-
શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર, શ્રી ગુણભારતી માસિક કાર્યાલય, શ્રી ગૌતમ નીતિ ગુણસાગરસૂરિ મેઘ શ્રુત સંસ્કૃતિ ભવન
૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ, દેરાસર લેન, શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસરની સામે, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૭૭.
સંપર્ક : રાજુભાઈ દેઢિયા - 98690 51527, હિતેશભાઈ ગડા - 98694 89413, પંકજભાઈ સાવલા - 93234 43520

લિ. શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ

UPASANA-9820167767

॥ શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથાય નમો નમઃ॥

॥ શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવી-વીર-મહોદયસાગરસૂરિભ્યો નમઃ ॥

શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ

શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનનાં

ત્રિશિખરીય-ત્રિમંજલીય દેવવિમાનતુલ્ય સંગેમરમર જિનાલયનાં

ભવ્યાતિભવ્ય

અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી દેવગુરુની કૃપાથી શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈન મંદિર દ્વારા નવનિર્માણ પામેલ
ત્રિમંજલીય, ત્રિશિખરીય જિનાલયમાં

શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન ની પ્રતિષ્ઠાનો

ઉત્કૃષ્ટ લાભ શ્રી સંઘને મળેલ છે.

આ સુકૃતનાં કાર્ય સબંધી આપણા શ્રી સંઘમાં થનાર
ત્રણ ચડાવાની વિગતો નીચે પ્રમાણે રહેશે.

તા. ૦૨.૧૨.૨૦૨૫

પ્રભુજીને પોખણાનો લાભ (૧૦ જણ)	પ્રભુજીનાં ગર્ભગૃહ પ્રવેશનો લાભ (૧૦ જણ)
ન્યુનતમ ચડાવો : ૨૫,૦૦૦ મણ	ન્યુનતમ ચડાવો : ૨૫,૦૦૦ મણ
વધારાની વહેતી ઓફર :	વધારાની વહેતી ઓફર :
૫,૦૦૦ મણનાં એકમમાં	૫,૦૦૦ મણનાં એકમમાં

તા. ૦૫.૧૨.૨૦૨૫

પ્રભુજીની પ્રતિષ્ઠાનો લાભ (૨૦ જણ)
ન્યુનતમ ચડાવો : ૧,૦૦,૦૦૦ મણ (એક લાખ મણ)
વધારાની વહેતી ઓફર : ૧૦,૦૦૦ મણનાં એકમમાં

ઉપરોક્ત ત્રણેય ચડાવાનો આદેશ કારતક સુદ પૂનમ
તા. ૨૪.૧૧.૨૦૨૫
વ્યાખ્યાન દરમ્યાન આપવામાં આવશે.

પ્રતિષ્ઠાના નિર્ધારીત ન્યુનતમ ચડાવાની ઉપર ૧,૦૦,૦૦૦ મણની ઓફર આવી ગઈ છે.
હવે ૨,૦૦,૦૦૦ મણ ઉપર વહેતી ઓફર મોકલવી.

શ્રી દેવગુરુની કૃપાએ મળેલ આ ઉત્તમ તકનો લાભ લેવા સર્વે સાધર્મિકોને આહ્વાન.

ઉપરોક્ત વહેતી ઓફરનાં ચડાવા માટે સંપર્ક સેતુ
શ્રી દિપક શાંતિલાલ શાહ (લાયજા) : 9324141645 (Whatsapp Only)

લિ. શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ

(CLB-15441)

VARDHMAN PAREL - 9819969516

ભાવભીની શ્રદ્ધાંજલિ



Unforgettable Personality

શ્રી લક્ષ્મીચંદ હાંસબાઇ દેવજી દેઢિયા

(ભુજપુર-ભાટિયા શેરી ત્રીજી ▪ ઘાટકોપર-ભટ્ટવાડી)

જીવનયાત્રા : વર્ષ ૧૯૩૯ થી વર્ષ ૨૦૨૬

અહિંસા જેમના સંસ્કાર હતા,
જીવદયા જેમની સાધના હતી...
દાન જેમનો સ્વભાવ હતો અને
પરોપકાર જેમના જીવનનો ધર્મ હતો...

એવા પૂજ્ય દાદુ ને પ્રેમાંજલી...

આપે આપેલ જીવમાત્ર પ્રત્યે દયા, કરૂણા,
પરોપકાર, વૈયાવચ્ચ કરવાની પ્રેરણા,
કરૂણાનો વારસો મારા જીવનની છેલ્લી ઘડી સુધી
જીવંત રાખવાનો સંકલ્પ જ
મારા તરફથી મારા પ્યારા દાદુને હૃદયભરી પ્રેમાંજલી

વ્હાલો પૌત્ર : જિત

સાત ફેરાથી શરૂ થયેલી આપણી જીવનયાત્રામાં
તમે આપેલ માત્ર પ્રેમ જ નહીં
પરંતુ ધર્મ-સંસ્કાર, સેવા અને સર્મપણનો
અમુલ્ય વારસો, જીવનભર તમારી પવિત્ર સ્મૃતિ
બની તમારા સાથનો અહેસાસ કરાવતી રહેશે.

ધર્મપત્ની : કલા (કેશર)

તમે માત્ર મારા જન્મદાતા જ નહીં પણ
જીવનની સાચી દિશા આપનાર પ્રથમ ગુરૂ હતા.
આપે આપેલ અમુલ્ય આદર્શોને જીવન પર્યંત
ટકાવી રાખવા એજ મારા તરફથી
આપને ગુરૂદક્ષિણા અને અંતરભીની આદરાંજલી

સુપુત્ર : સંજય



આપની વિદાયથી એક વડીલની ખોટ જ નહી,
પરંતુ પિતા તુલ્ય પ્રેમ અને આશિર્વાદની છત્રછાયા ગુમાવી છે.
આપની દયાળુતા, ઉદારતા અને સ્નેહભર્યા આશિર્વાદ આપની આવનારી પેઢીઓમાં પણ જીવંત રહેશે.

પુત્રીતુલ્ય પુત્રવધુ મીતા

(CLB-15448)

BINITA S. MARU - 9869024162

PREMIER CRICKET LEAGUE Legends

20 Teams

48 Matches

240 Players

sponsored by

PREM GROUP
LIFE BEYOND SQ.FT.

Ashwinbhai Premji Gada
Ridham Ashwin Gada
(Gaam – Mota Asambhiya)

Sunday
15th November 2026

Platinum Matches
8.00 am onwards

Diamond Matches
2.00 pm onwards

Venue
Amulakh Amichand School Turf, Matunga (CR)

PCL Legends – Celebrating the Spirit of Cricket Beyond 50!

TEAM OWNERS

Channel Blasters



Dr. Khushal Harilal Gala (Sadau)

ELLEYS



Manoj Hansraj Gada (Bada)

GALA GLADIATORS



Chandrakant Lalji Gala (Naredi)

GALA ROCKS



Prakash Bhogilal Gala (Deshalpur)



Rajnikant Meghji Shah (Karaghoga)

International Strikers

(CLC-15450)

INTERNATIONAL STRIKERS



Sumit Jayantilal Gala (Dumra)

MASTER BLASTER



Vijay Raghavji Rambhia (Samagoga)

Master Blaster



Hiten Raghavji Rambhia (Samagoga)

TAB



Sunil Fulchand Shah (Kharua)
Hiral Dhrunal Chheda (Kandagara)
Hareshbhai Gada (Kharua)

TEEARCH

TEEARCH
Architects • Engineers • Consultants



Tarun Harshi Motta
Nareshbhai Motta
(Devpur)

We invite the entire KVO community to catch the live action of this exciting sporting event

TRANSFORM



Manoj Mulji Chheda (Kandagara)

Vikas Vikings

VIKAS CONSTRUCTIONS



Ketan Vallabhji Gada(Bada)

PCL organized and managed by

MRK SPORTS

Toss Ka Boss

MONARCH

Jay Reena Amit Cheda (Rayan)

Gift Sponsor

GEEBEE EDUCATION
BORIVALI
The Foreign Education Experts

Kapil Liladhar Dedhia (Deshalpur)

Jersey Sponsor

Vinay ELECTRICAL SOLUTIONS

Kamlesh Damji Chheda (Ratadia Ganeshwala)

Trophy Sponsor

bendy Products Limited

Zubin Shah (Moti Khakhar)

Prizes Partner

network techlab
Adding Values to Work
An ISO 27001:2013 Certified Company

Hareshbhai Gada (Mothara)
Atulbhai Gosar (Kotdi Maha.)

Accessories Partner

TOTAL SPORTS & FITNESS

Niteenbhai Lakhamshi Shah (Depa)
Jittenbhai Jadhavji Chheda (Chhasra)

BINITA S. MARU - 9869034162

કચ્છી મેડીકોઝ એસોસિએશન

Health Bulletin

WORLD DIABETES DAY

વહેલું નિદાન કરો, કિડની, હૃદય અને આંખને જીવનભર સુરક્ષિત રાખો.

ડૉ. અમૃત બબીબેન મોરારજી વોરા (કુમરા-માટુંગા)
MBBS, MD (Medicine) – **98201 50656**

ડાયાબિટીસ કોને થાય ?

કોઈ પણ ઉંમરે ડાયાબિટીસ થઈ શકે. ડાયાબિટીસ વારસાગત બિમારી છે. જે મા-બાપ બન્નેને ડાયાબિટીસ હોય તો બાળકોને ૫૦-૧૦૦ ટકા ડાયાબિટીસ થવાની શક્યતા છે.

ડાયાબિટીસ થવાના કારણો ?

શરીરમાં ઈન્સ્યુલીનની ખામીથી ડાયાબિટીસ થાય છે. આ ખામી સંપૂર્ણ (Absolute) અથવા સાપેક્ષ (Relative) હોઈ શકે. અમુક વ્યક્તિને ડાયાબિટીસ ચોક્કસ સમય પુરતું જ હોઈ શકે. દા.ત. ઓપરેશન વખતે ગર્ભાવસ્થામાં, શારીરિક ઈજા કે સ્ટ્રેસના કારણે.

ડાયાબિટીસના સામાન્ય લક્ષણો

૧) બહુ તરસ લાગવી ૨) વારંવાર પેશાબ લાગવી ૩) ભૂખમાં વધારો છતાં વજન ઘટતું લાગે. ૪) હાથ પગમાં ઝણઝણાટી, બળતળા, કે કળતર થવી. ૫) ચામડી કે ગુપ્તાંગો પર ખંજવાળ. ૬) નબળાઈ જણાય-ચાલતા થાક લાગે.
સવારના ખાલી પેટે ૧૨૬ થી વધારે અથવા જમ્યા પછી બે કલાકે ૨૦૦ થી વધારે હોય તો ડાયાબિટીસ થયું કહેવાય. **Hb1Ac** ૫.૭ થી ૬.૪ ને પ્રીડાયબિટીક અને જો ૬.૪ થી વધારે હોય તો ડાયાબિટીસ થયું એમ કહેવાય.

ડાયાબિટીસના કારણે ઉદ્‌ભવતી સમસ્યાઓ

ટુંકા ગાળાની

લોહીમાં સાકર ઘટવી અને કોમા, સાકર ખુબ વધતા કોમા, ઈન્ફેશન, ઘામાં રૂઝ ન આવવું.

લાંબા ગાળાની

હૃદય રોગ, લકવો, કીડની ખરાબ થવી, રેટીનોપેથી, પગમાં ગેંગ્રીન, જ્ઞાનતંતુ પર અસર (Neuropathy)
જો ડાયાબિટીસની સારી સાચી સંભાળ રખાય તથા યોગ્ય સમયે વ્યવસ્થિત સલાહ સુચન લેવાય તો દર્દીઓ સ્વસ્થ અને સામાન્ય જીવન જીવી શકે. એ માએ સમયાંતરે Hb1Ac કરવાથી ઉત્તમ સારવાર આપી શકાય.

ઉપચારના મુખ્ય ઘટકો

૧) ખોરાક નિયંત્રણ ૨) વ્યાયામ ૩) નિયમિત દવાઓ, સમયાંતરે તપાસ

ડાયાબિટીસમાં ત્રણ વસ્તુ કરવાની.

૧) લીલા શાક ભાજી ૧૫૦ ગ્રામ રોજ ૨) ફળો ૩૦૦-૪૦૦ ગ્રામ રોજ ૩) સૂકો મેવો મૂઠી ભરીને લગભગ ૭૦ ગ્રામ

ડાયાબિટીસમાં ત્રણ વસ્તુ નહીં કરવાની.

૧) તળેલી વસ્તુઓ ન ખાવી. ૨) મીઠાઈઓ નહીં ખાવી. ૩) વધારે પડતું ન ખાવું (ઉણોદરી તપ)

યોગ્ય જોડા પહેરીને એક ધારું ઓછામાં ઓછું ૨૦ મિનીટ રોજ ચાલવુ.

સારાંશ : દવાઓ નિયમિત લેવી. સ્વસ્થ જીવનશૈલી અપનાવવી. વજન ઘટાડવું અને નિયમિત હૃદય, કિડની, આંખ અને મગજના નિષ્ણાત ડોક્ટરોની સલાહ લેવી.

ડાયાબિટીસ અને કિડનીનું સ્વાસ્થ્ય

ડૉ. પારસ રંજન મણીલાલ દેઢિયા (કોડાય-અંધેરી) - 98203 34602
MD, FASN (USA) - Nephrologist and Transplant Physician

ભારતમાં ક્રોનિક કિડની ડિસીઝ (CKD) નું એક મુખ્ય કારણ ડાયાબિટીસ છે. લાંબા સમય સુધી હાઈ બ્લડ શુગર, હાઈ બ્લડ પ્રેશર અને વધારાનું વજન ધીમે ધીમે કિડનીને નુકસાન પહોંચાડી શકે છે. કિડનીને નુકસાન થતું હોવા છતાં શરૂઆતના તબકકામાં ઘણી વાર કોઈ લક્ષણો જોવા મળતા નથી. વહેલું નિદાન અને સમયસર કિડની નિષ્ણાંતની સલાહ કિડનીને બચાવે છે.

Type 2 ડાયાબિટીસ ધરાવતી દરેક વ્યક્તિએ કિડનીની તપાસ માટે દર છ મહિને બે ટેસ્ટ કરાવવી જોઇએ.

1) Serum Creatinine : કિડનીની કાર્યક્ષમતા જાણવા માટેની લોહીની તપાસ.

2) Urine Albumin to Creatinine Ratio (UACR) : પેશાબમાં અબ્લ્યુમિન (પ્રોટીન) નું પ્રમાણ જાણવા માટેની તપાસ.

આધુનિક સારવાર કિડનીના રોગનું ભવિષ્ય બદલી રહી છે. આધુનિક દવાઓ કિડનીના રોગની પ્રગતિ ધીમી કરવામાં અને ડાયાબિટીસને વધુ સારી રીતે નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ થાય છે. આ દવાઓ ડોક્ટરની સલાહ મુજબ જ લેવી જોઇએ. કિડનીને સ્વસ્થ રાખવા માટે ડોક્ટરોની સલાહ વિના દુઃખાવાની દવાઓનો વારંવાર ઉપયોગ ન કરે.

ડાયાબિટીસ અને હૃદય

ડૉ. પરીન ડૉ. જ્યોતિ ડૉ. ચદ્રકાંત સંગોઈ (ટોડા-પરેલ) – 98216 25501
MBBS, MD (Medicine) DNB (Cardiology) FNBPD (Interventional Cardiology) SCAI - USA

૧) ડાયાબિટીસ માત્ર લોહીમાં શુગર વધવાની બીમારી નથી. પરંતુ તે હૃદયના સ્વાસ્થ્ય પરપણ ગંભીર અસર કરી શકે છે. ૨) લાંબા સમય સુધી ડાયાબિટીસ જો કન્ટ્રોલમાં ન રહેતું હોય તો રક્ત વાહિનીઓને નુકશાન થાય છે,એમા સોજો વધે છે. અને ધમનીઓમાં ચરબી જમા થવાથી હાર્ટએટેક તથા હૃદયની નિષ્ફળતાનું જોખમ વધી શકે છે. ૩) હાઈ બ્લડ પ્રેશર, ખરાબ કોલેસ્ટ્રોલ, વધેલું વજન અને કિડનીની બીમારી આ જોખમને વધુ વધારી શકે છે. ૪) ડાયાબિટીસ ધરાવતા કેટલાક દર્દીઓમાં હાર્ટ એટેક અને છાતીમાં દુઃખાવો થવાના બદલે શ્વાસ ચડાવો, અસામાન્ય થાક, ઉબકા કે હાથ, પીઠ અથવા જડબામાં દુખાવો થઇ શકે છે. ૫) લિપિડ પ્રોફાઇલ : 2D Echo Cardiography - ECG નિયમિત દર છ મહિને ડાયાબિટીસ ધરાવતા વ્યક્તિએ કરાવવાની જરૂર છે. ૬) સાથે યોગ્ય દવાઓ, સંતુલિત આહાર, નિયમિત કસરત અને તંબાકુથી દુર રહેવું પણ એટલુજ જરૂરી.

ડાયાબિટીસ અને આંખ

ડૉ. જયેશ દીના યોગેશ વીરા (ડોણ-પરેલ વિલેજ) - 99694 68820
MBBS,DNB(OPH), FSAV (Medical Retina, UVea and Cataract) Ophthalmologist

ડાયાબિટીસને કારણે થતી આંખની વિવિધ સમસ્યાઓ

૧) આંખ સૂંકવી ૨) સમય પહેલા મોતિયો આવવો ૩) કોર્નિયલ અલ્સર ૪) ઝામર (ગ્લુકોમા) ૫) આંખના સ્નાયુઓ નબળા પડવાને કારણે ત્રાંસી આંખ ૬) પરદામાં લોહીના ધબ્બા આવવા, પાણી ભરાવું (Macular Edema) રક્ત સ્ત્રાવ અને પરદાનું ખસવું (Retina Detachment) ૭) ડાયબિટિક રેટીનોપેથી (DR).

દર્દીઓમાં ૧) ઝાંખુ દેખાવું ૨) દૃષ્ટિ નબળી પડવી ૩) આંખ સામે મચ્છર જેવા કાળા ટપકા (ફ્લોટર્સ) દેખાવા ૪) વસ્તુઓ વાંકી-ચુંકી દેખાવી અથવા પરદો પાડવાની જેમ અમુક ભાગનું દેખાતું બંધ થઇ જાય જેવા લક્ષણો જોવા મળે છે.

ભારતમાં ડાયબિટીસનું નિદાન ઘણીવાર વરસો સુધી થતું નથી. તેથી ડાયાબિટીસનું નિદાન થતા જ દર્દીઓએ તાત્કાલીક રેટિનાની તપાસ કરાવવી જોઇએ ત્યારબાદ દર વરસે કે નેત્રરોગ નિષ્ણાતની સલાહ મુજબ નિયમિત આંખનું સ્કીનિંગ કરાવવું જોઇએ. અનિયંત્રિત શુગર અથવા બાળપણથી (Juvenile) ડાયાબિટીસ ધરાવતા દર્દીઓમાં DR ઝડપથી વધી શકે છે અને તેમને વધુ સઘન સારવારની જરૂર પડે છે.

સમયસર સારવારથી આંખને નુકશાન થતું બચાવી શકાય છે.

Supported by
શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ
Shree Bidada Sarvodaya Trust, Bidada, Kutch, Gujrat
(CLB-15451)
લી. મંત્રીઓ



॥ વંદે ગોમાતરમ્ ॥

શ્રી ભુજપુર પાંગળાપોળ

(ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર ૧૨૮-E)



પ્રેમભર્યા પંચામૃતથી સંબંધોને સુહાસીત રાખનાર પરિવારના શુભચિંતક
સર્જનહાર સર્વે જીવો પર સદ્ભાવનાના, નીર વહાવનાર, અબોલ જીવોની આંતરડી ઠારી
કરૂણાભાવ ધરાવી તેમના અંતરના આશિષ મેળવી
સંતોષમય અને શીતળતા-શાતા મેળવી
જીવદયા પ્રેમી, દિલેર દાતાર વાત્સલ્યહૃદયી
પરમ પૂજ્ય માવિત્ર-પિતાશ્રી-માતુશ્રીને શત્ શત્ વંદના...





રૂા. ૧,૫૧,૦૦૦/-
નું અનુદાન મળેલ છે.

પ.પૂ. પિતાશ્રી રવીલાલ મોણશી રણશી દેઢિયા/શાહ

માતુશ્રી મણીબેન રવીલાલ મોણશી દેઢિયા/શાહ

(ભુજપુર - તારદેવ)

"વડી મહેરબાની - વલા વડી મહેરબાની, ગુરૂવરોજી આર્શીવચનજી મલઈ મિજબાની"
પંખીડે કે દાણા - પશુએ કે માની - કર્મભુમી જા અબોલો ઢોરેકે દીયેતાં
"નવે વર્ષજી બોણી મેં મીઠી મિજબાની"

હસ્તેઃ ફોન : ૯૮૯૨૦ ૦૩૯૨૦

સંપર્ક : ભરત માવજી દેઢીયા - 93200 62340 / મુંબઈ - 93723 98607 Email: bhujpurpaglapolmumbai@gmail.com

લિ.: શ્રી ભુજપુર પાંગળાપોળ વતી ટ્રસ્ટીગણ

(CLB-15388)

UPASANA - 9820167767

:: દિવ્ય કૃપા ::



રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

:: અસીમ કૃપા ::



તપચક્રચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

:: આજ્ઞા આશિષ ::



રાજસ્થાન દિપક, યુવાચાર્ય અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

॥ શ્રી શીતલનાથાય નમઃ ॥
અચલગચ્છ શણગાર શ્રી આર્ય-જય-ધર્મઘોષ-મહેન્દ્ર-મેરૂતુંગ-જયશેખર-ધર્મમૂર્તિ-કલ્યાણ-ગૌતમ-નિતિ-ગુણ-દાન-નેમ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિ ગુરૂભ્યો નમઃ

શ્રી પંતનગર અચલગચ્છ કચ્છી જૈન સંઘ

બિલ્ડીંગ નં. ૧૩૮, સજાય-શ્રી સૂર્યોદય, એક્સેલ પ્લાઝાની સામે, પંતનગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૫.
ઉપાશ્રયના મુખ્ય લાભાર્થી પરિવાર : ગીતા સ્મૃતિ એવં લતા રાજેશ સ્મૃતિ
માતુશ્રી હીરાકુંવરબેન નાનજી ચાંપશી શાહ પરિવાર (ખ્યાતિનામ્ ફાઉન્ડેશન)
હસ્તેઃ ખુશ-વિહાન (મેરાઉ-ગાંધીધામ-વડોદરા-બાંદ્રા)

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ, શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાડુંપ અનંતસિદ્ધિના આંગણે...

શ્રી રૂષભરાજ્ય અનંતસિદ્ધિ ગુણઉપાસના ચાતુર્માસ પાવનકારી નિશ્રા : સંઘ-શાસન કૌશલ્યાધાર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

ત્રણ દિવસનું ભવ્ય આયોજન.. જેમાં મળશે...

- જિનશાસનનો ગૌરવશાળી ઈતિહાસ
- ૨૦+ અનોખા સ્પર્ધાત્મક સ્ટોલ્સ
- જૈન દર્શનથી વિજ્ઞાન સુધી... પ્રાચીન જ્ઞાનથી આધુનિક સંશોધન સુધી!
- પર્યાવરણ અને પ્રકૃતિ સંરક્ષણ
- અહિંસા અને વૈશ્વિક શાંતિ
- અનેકાંતવાદ અને નવીન વિચારધારા
- ટેકનોલોજી અને સર્જનાત્મક મોડેલ્સ
- જ્ઞાન અને વિજ્ઞાનનો રસપ્રદ સંગમ
- દર કલાકે લક્કી ડ્રો... અને ઘણું બધું...!

SPIRIT OF ACHALGACHCHH JAINZ

શ્રી પંતનગર અચલગચ્છ કચ્છી જૈન સંઘના સર્વે ભાઈ-બહેનોને સાહેબ તરફથી અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન તરફથી ખાસ આમંત્રણ છે. તે અચલગચ્છના ઈતિહાસને જાણવા-માણવા અને જોવા સર્વે જરૂરથી ઉપર મુજબ જણાવેલી તારીખોએ સપ્રેમ આમંત્રણ છે. સાહેબના આદેશને માન આપી બધાએ અનુકૂળતા પ્રમાણે જોવા જવાનું છે. અધિકારીઓએ જરૂરથી સમય કાઢી પધારવા સપ્રેમ આમંત્રણ છે. બાળકોને જૈન સંસ્કૃતિ, પરંપરા અને અચલગચ્છના ગૌરવશાળી ઈતિહાસને નજીકથી જાણવાની એક અનોખી તક મળશે.

શુક્રવાર, તા. ૧૩-૧૧-૨૬ બપોરે ૩.૦૦ ક.: ભવ્ય ઉદ્ઘાટન
શનિવાર, તા. ૧૪-૧૧-૨૬ બપોરે ૪ થી ૯ ક.
રવિવાર, તા. ૧૫-૧૧-૨૬ સવારે ૧૦ થી રાત્રે ૧૦ ક.

શ્રી ક.દ.ઓ. જૈન ઉપાશ્રય, એલ. બી. એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ.

આવો.. જોડાઈએ આ ઐતિહાસીક અવસરના સાક્ષી બનવા.. દિવ્ય-ભવ્ય અને ગૌરવશાળી સ્પિરિટ ઓફ અચલગચ્છને માણવા પધારો...

વધુ વિગત માટે સંપર્કઃ કુમાર દંડ - ૯૯૨૦૯૩૫૪૧૪ વિપુલા વીરા - ૯૭૦૨૪૮૭૭૯૫ હિરલ જીવાણી - ૯૦૨૯૯૭૭૧૧૬

લિ. મંત્રીઓ - દિનેશ લખમશી ગડા (ભોજાય), રાજેશ વલ્લભજી ગડા (ડુમરા), જીતેન ચંદ્રકાંત ગોસર (ડુમરા)

(CLB-15389)

UPASANA-9820167767